Friday, 04 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૩ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




## દેશ-વિદેશના લાખો પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બનેલ નમો પથ ઉપર ઔર વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન

### સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે નમો પથ પરિયોજના સ્થળની મુલાકાત લઈ ઝીણવટભર્યું નિરીક્ષણ કરી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને આપેલા જરૂરી દિશા-નિર્દેશો









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૩**

દેશ-વિદેશના લાખો પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ નમો પથ ઉપર ઔર વધુ ઉમદા સુવિધા ઉપલબ્ધ કરવા માટે આજે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે નમો પથની મુલાકાત લઈ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.

દમણમાં અરબી સમુદ્રના કિનારે બનેલ નમો પથ અને મોટી દમણથી જમ્પોર સુધીના રામસેતૂ બીચ રોડ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે મુખ્ય ટુરિસ્ટ સ્પોટ બની ચુક્યો છે. અરબી સમુદ્રની તરંગો સાથેની લહેર, સૂર્યાસ્તનો દિલને મોહી લેતો નઝારો અને કિનારે બેસવા અને ચાલવાની મઝા લેવા સેંકડો પ્રવાસીઓ દરરોજ નમો પથ અને રામસેતૂ બીચની મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે નમો પથ પરિયોજના સ્થળની આજે પ્રત્યક્ષ મુલાકાત લઈ વરસાદના સમયમાં ભરતીના કારણે ધસી આવતી રેતીથી લઈ રોડ ઉપર આવતા વિશાળ મોજાને ધ્યાનમાં રાખી પ્રવાસીઓને અગવડતા નહીં પડે અને સૌંદર્યલાભ પણ જળવાઈ રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને તાકિદ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## ઓકિનાવાન શોરિનરૂ કરાટે ડો ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ વર્લ્ડ દ્વારા આયોજિત ૧૭મી રાષ્ટ્રીય કરાટે ટુર્નામેન્ટમાં દીવના ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન

### ગોલ્ડ મેડલ સહિત કુલ ૮ મેડલો જીતી સંઘપ્રદેશનું વધારેલું ગૌરવ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૦૩**

ઓકિનાવાન શોરિનરૂ કરાટે ડો.ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ વર્લ્ડ દ્વારા આયોજિત ૧૭મી રાષ્ટ્રીય કરાટે ટુર્નામેન્ટ તા. ૯ અને ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ રાજસ્થાનના બિકાનેરમાં હોટેલ મિલેનિયમ ખાતે યોજાઈ હતી. દેશના ૧૨ રાજ્યોમાંથી કુલ ૪૧૧ સ્પર્ધકોએ આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

દીવથી ભાગ લેનારા ૬ ખેલાડીઓની ટીમે શાનદાર પ્રદર્શન કર્યુ હતું અને કુલ ૮ મેડલો જીત્યા, જેમાં ૩ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે

દીવ ટીમના વિજેતાઓમાં મૈત્રી દિલીપકુમાર કાવા ગોલ્ડ મેડલ (કાટા), ગોલ્ડ મેડલ (કુમિતે-ફાઈટ), બે ગોલ્ડ મેડલ જીતવાની સાથે, મૈત્રી કાવાને ટૂર્નામેન્ટના શ્રેષ્ઠ પ્રદર્શનકારનો ખિતાબ પણ મળ્યો છે. આ સાથે હેત્વી રાઠોડ ગોલ્ડ મેડલ (કાટા), રજત મેડલ (કુમિતે-ફાઈટ), મનસ્વી ચૌહાણ, દેવર્ષી ચુડાસમા, વિવાન વાઘેલ અને નવ્યા કાપડિયાએ બ્રોન્ઝ મેડલ જીતીને દીવનું નામ રોશન કર્યુ છે. સમગ્ર દીવ ટીમના સામૂહિક પ્રદર્શનને કારણે, દીવને ટૂર્નામેન્ટમાં એકંદરે બીજુ સ્થાન પ્રાપ્ત થયું છે.

આ સમગ્ર અભિયાનનું નેતૃત્વ શીહાન ડૉ. રમેશકુમાર બાબુરાવ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેઓ છેલ્લા ઘણાં વર્ષોથી દીવમાં કરાટેની મફત તાલીમ આપી રહ્યા છે. ડૉ.ભટ્ટે આ બધા ખેલાડીઓને ટૂર્નામેન્ટ માટે તાલીમ આપી હતી અને ટીમ સાથે બિકાનેર પહોંચ્યા હતા અને સ્પર્ધામાં તેમનું માર્ગદર્શન કર્યુ હતું.

તમામ વિજેતા ટીમોને દીવ કલેક્ટર શ્રી રાહુલ દેવ બુરા, પોલીસ અધિક્ષક (એસ.પી.) શ્રી સચિન યાદવ, ડીવાયએસપી શ્રી રાહુલ બલારા, બાલભવન બોર્ડના ડિરેક્ટર પદ્મશ્રી પ્રેમજીત બારિયા, સપોર્ટ ઓફિસર શ્રી નાનજી બામણિયા અને ડીએમસી પ્રમુખ શ્રી હરેશભાઈ કાપડિયા તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

બધા મહાનુભાવો અને કોચ શિહાન ડૉ. રમેશકુમાર ભટ્ટે ખેલાડીઓની આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સિદ્ધિ દીવ જેવા નાના પ્રદેશ માટે ગર્વની વાત છે. આપણા ખેલાડીઓએ માત્ર વ્યક્તિગત શ્રેષ્ઠતા જ દર્શાવી નહીં, પરંતુ ટીમ ભાવના અને શિસ્તનું અદભૂત ઉદાહરણ પણ રજૂ કર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઓકિનાવાન કરાટે એ એક માર્શલ આર્ટ છે જેનું મૂળ ર્યુક્યુ કિંગડમ (હવે ઓકિનાવા, જાપાન) માં છે, જે સ્વદેશી લડાઈ પદ્ધતિઓમાંથી વિકસાવવામાં આવી છે અને ચીની કેનપોથી પ્રભાવિત છે. તેમાં વિવિધ શૈલીઓ અને તકનીકોનો સમાવેશ થાય છે, જેમાં ગોળાકાર હલનચલન, લાતો, મુક્કા, તાળાઓ, પકડ અને ફેંકવાનો સમાવેશ થાય છે. મુખ્ય તત્ત્વોમાં હોજો અનડુ (માકીવારા અને નિગિરી રમત જેવા સાધનો સાથે) જેવી પૂરક તાલીમનો ઉપયોગ અને વ્યવહારુ સ્વ-બચાવ એપ્લિકેશનો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમાવેશ થાય છે.

## વલસાડ જિલ્લામાં થઈ રહેલી પ્રાકૃત્તિક ખેતીથી પ્રભાવિત થઈ સંઘપ્રદેશના અધિકારીઓએ મુલાકાત લીધી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૩**

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન મિશન મોડમાં ચાલી રહ્યું છે. ત્યારે વલસાડ જિલ્લામાં પણ આત્મા પ્રોજેક્ટ દ્વારા ગામે ગામ પ્રાકૃતિક ખેતીનું અભિયાન જોરશોરથી રંગ લાવી રહ્યુ છે. ત્યારે વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની કામગીરીથી પ્રભાવિત થઈ પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના ખેતીવાડી ખાતાના અધિકારીઓએ પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવવા માટે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખેડૂત તાલીમ કેન્દ્રની મુલાકાત લીધી હતી.

દાદરા નગર હવેલીના ખેતીવાડી વિભાગના વિસ્તરણ અધિકારી શ્રી સુરેશભાઈ ભોયા, ખેતી સુપરવાઈઝર શ્રી આર. કે. પટેલ તેમજ દમણ ખેતીવાડી વિભાગના સહાયક ખેતી અધિકારી શ્રી અર્જુનભાઈ પટેલે હાલ વલસાડ જિલ્લામાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ થઈ રહેલી પ્રાકૃતિક ખેતીની કામગીરી સંદર્ભે આત્મા કચેરીના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ડી.એન.પટેલ સાથે મુલાકાત કરી હતી. આ મીટિંગ દરમિયાન પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ડી. એન. પટેલ દ્વારા તેમને પ્રાકૃતિક ખેતી વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી અને જિલ્લામાં મોડલ ફાર્મ તેમજ બીઆરસી યુનિટની મુલાકાત કરવા માટે સૂચન કર્યુ હતું.

## મૃતકના વાલી વારસોએ સેલવાસ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૩**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી જિલ્લાના સેલવાસ ઉલ્ટન ફળિયા સાઈ ઓરા બિલ્ડીંગની બાજુમાં ઉમેશભાઈ બરફની બનાવેલ રૂમના બાથરૂમ પાસે પડેલ હાલતમાં તા.૦૨-૦૭-૨૫ના રોજ સવારે ૧૧:૪૭ વાગ્યે આશરે ૩૮ વર્ષીય અજાણ્યો પુરૂષ મળી આવ્યો હતો. તેમને સારવાર અર્થે સેલવાસ શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ ઉપરના તબીબે તપાસ કરતા તેમનું મૃત્યુ થયું હોવાનું જણાયું હતું.

મૃતકની પુરૂષની ઊંચાઈ ૫ ફૂટ ૭ ઈંચની છે, જે મધ્યમ બાંધાના ઘઉં વર્ણના છે. તેમના જમણા હાથ ઉપર ઈંગ્લિશમાં LALLU ગોંધેલાનું નિશાન છે. મૃતકનો પાર્થિવ દેહ શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સેલવાસના મોજ રૂમમાં રાખવામાં આવેલ છે. તેમના વાલી વરસો મળી આવ્યા નથી. આ મૃતકના વાલી વારસોની કોઈ ભાળ મળે સેલવાસ પોલીસ સ્ટેશનનો ૦૨૬૦-૨૬૪૨૧૩૦



તથા ૦૨૬૦-૨૬૪૨૦૩૩ દ્વારા સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## વાહન સ્પીડથી ચલાવતા ડ્રાઈવરનું મૃત્યું થાય તો વીમા કંપની પૈસા આપશે નહીંઃ સુપ્રીમ કોર્ટનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૦૩:** સુપ્રીમ કોર્ટે એક મહત્વના નિર્ણયમાં કહ્યું કે, જો કોઈ ડ્રાઈવર પોતાની લાપરવાહી કે સ્પીડમાં વાહન કે સ્ટંટ કરી અથવા ખોટી રીતે વાહન ચલાવવાથી મૃત્યું થાય છે. તો તેના પરિવારને વળતર ચૂકવવા માટે બંધાયેલી રહેશે નહીં.આ નિર્ણય સ્પીડમાં વાહન ચલાવનારા અથવા સ્ટંટ કરનારાઓનું ધ્યાન ખેંચવા માટે એક કડક સંદેશ માનવામાં આવી રહ્યો છે. જસ્ટિસ પી.એસ,નરસિમ્હા અને આર.મહાદેવનની બેંચે એક મામલામાં મૃતકની પત્ની, દીકરો અને માતા-પિતા દ્વારા દાખલ કરાયેલ વળતરની માંગને ફગાવી દીધી હતી. પહેલા પણ સુપ્રીમ કોર્ટે આવા કેસોમાં વળતરની માંગણીઓને ફગાવી દીધી છે. કોર્ટે આ નિર્ણય એક વ્યક્તિ સાથે જોડાયેલા કેસમાં આપ્યો છે. જે સ્પીડ અને બેદરકારીથી કાર ચલાવી અકસ્માતનો શિકાર બન્યો હતો. આ અકસ્માત ૧૮ જૂન ૨૦૧૪ના રોજ થયો હતો. જ્યારે એન.એસ રવિશ પોતાની કાર થી કર્ણાટક સ્થિત મલ્લાસાંદ્રા ગામથી અરસીકેરે શહેર જઈ રહ્યો હતો. તેની સાથે તેની બહેન, પિતા અને બાળકો પણ હતા. રવિશે સ્પીડમાં અને લાપરવાહીથી ગાડી ચલાવી અને ટ્રાફિકના નિયમો તોડ્યા હતા. માયલાનહલ્લી ગેટની પાસે તેમણે ગાડી પર કાબુ ગુમાવ્યો હતો. જેનાથી કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં રવિશ ગંભીર રીતે ઘાયલ થતાં તેનું મૃત્યું થયું હતું. રવિશના પરિવારે યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ કંપની પાસેથી ૮૦ લાખ રૂપિયાના વળતરની માંગણી કરી હતી. પરિવારનો દાવો છે કે કોન્ટ્રાક્ટર તરીકે, રવિશ દર મહિને ૩ લાખ રૂપિયા કમાતો હતા. પરંતુ પોલીસની ચાર્જશીટમાં એ સ્પષ્ટ કહેવામાં આવ્યું હતુ કે, આ અકસ્માત રવિશની બેદરકારી અને સ્પીડમાં કાર ચલાવવાથી થયું છે. મોટર એક્સીડન્ટ ટ્રિબ્યુનલે પરિવારની માંગને રદ્દ કરી હતી. કર્ણાટક હાઈકોર્ટે પણ ૨૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ પરિવારની અપીલ નકારી કહ્યું જ્યારે અકસ્માત મૃતકની ભૂલથી થાય છે. તો પરિવાર વીમા વળતરની માંગણી કરી શકતો નથી. હાઈકોર્ટે કહ્યું પરિવારએ સાબિત કરવું પડશે કે, આ અકસ્માત મૃતકની ભૂલથી થયો નથી. અને જે વીમા પૉલિસીના દાયરામાં હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો અને પરિવારની અરજી ફગાવી દીધી.કોર્ટે સ્પષ્ટ કર્યું કે, જો ડ્રાઈવરનું મૃત્યું પોતાની ભૂલથી થયું છે અને તેમાં કોઈ અન્ય કારણ સામેલ નથી. તો વીમા કપની વળતર ચૂકવવા માટે બંધાયેલી નથી. માર્ગ સલામતીને પ્રોત્સાહન આપવા અને બેદરકારીપૂર્વક વાહન ચલાવનારાઓને પાઠ ભણાવવાના સંદર્ભમાં આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.






## સુવિચાર - સદ્‌વિચાર

સાચી દિશામાં પ્રયત્નો હંમેશા ફળ આપે છે.

## કવિતા

### દર્દના દરિયામાં ડૂબી જાઉં છું

દર્દના દરિયામાં ડૂબી જાઉં છું,
થઈને પરપોટો વિસર્જન થાઉં છું.

તર્જની છેડે છે દિલના તારને,
કોઈ ગવરાવે અને હું ગાઉં છું.

શોધતો રહું છું હું મુજ અસ્તિત્વને,
ગેબમાં ગોફણ બની વીંઝાઉં છું.

બંધ મુઠ્ઠીનો ભરમ ખૂલી ગયો,
શબ્દની સાંકળ વડે બંધાઉં છું.

આપણો સંબંધ લીલું પાન છે,
વૃક્ષ માફક ચોતરફ ફેલાઉં છું.

રાહબર થઈ તું જ દોરે છે છતાં,
કમનસીબી છે કે ઠોકર ખાઉં છું.

જે વહી ગઈ એ ક્ષણોને શું કહું!
અંજુમનમાં એકલો પસ્તાઉં છું.

ઘુંટ કો' પાઈ ગયું છે એ રીતે,
હું જ મારામાં છલકતો જાઉં છું.

**- બટુકરાય પંડ્યા**

## આજની જોક

બીવી બાદામ ખા રહી થી
પતિને બોલા મુજે ટેસ્ટ તો કરાવો...
બીવીને દો બદામ દીયે
પતિ બોલા બસ દો.
બીવી બોલી બાકી સબકા ટેસ્ટ
યે દો બાદામ જૈસા હી હે..

## કબીર વાણી

**પ્રેમ ન બાડી ઉપજૈ, પ્રેમ ન હાટ બિકાય**
**રાજા પરજા જૈહિ રૂચૈ, સીસ દેય લૈ જાય.**

**- અર્થાત-**

પ્રેમ બગીચામાં ઉત્પન્ન થતો નથી, પ્રેમ બજારમાં વેચાતો નથી, રાજા હોય કે પ્રજા તે મસ્તક આપી (એટલે કે નમીને) પ્રેમ લઈ જઈ શકે છે. કબીરજી ઉપરના દોહાથી સમજાવવામાં માગે છે કે જે વ્યક્તિ બીજાને માન, સન્માન આપે ભલે તે રાજા હોય કે પ્રજા તેને પ્રેમ જ મળે છે. લોકો તેને સન્માનથી બોલાવે છે.

## આજનો દિન વિશેષ

### વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી (૪ જુલાઈ ૧૮૯૯ - ૧૦ નવેમ્બર ૧૯૯૧) ભારતના ગુજરાતી સાહિત્યિક વિવેચક હતા.

ત્રિવેદીનો જન્મ ૪ જુલાઈ, ૧૮૯૯ના રોજ બોમ્બે પ્રેસિડેન્સીના ઉમરેઠમાં થયો હતો. બોરસદ, ઠાસરા, કપડવંજ અને નડિયાદ જેવી સંસ્થાઓમાં શિક્ષણ મેળવ્યા પછી, તેમણે ૧૯૧૬માં નડિયાદની સરકારી હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ કર્યું અને અમદાવાદની ગુજરાત કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ગુજરાત કોલેજમાં, તેમણે આનંદશંકર ધ્રુવ પાસે અભ્યાસ કર્યો. તેમણે ૧૯૨૦માં સંસ્કૃત અને અન્ય અંગ્રેજી વિષયો સાથે બેચલર ઓફ આર્ટ્સ પૂર્ણ કર્યું. તેમણે ૧૯૨૩માં સંસ્કૃત અને ગુજરાતી વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરીને માસ્ટર ઓફ આર્ટ્સ પૂર્ણ કર્યું. ૧૯૨૧માં, તેઓ સુરતની MTB આર્ટ્સ કોલેજમાં જોડાયા.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૭૧માં તેમને સાહિત્યમાં ડોક્ટરેટની પદવી એનાયત કરી.

ત્રિવેદી પશ્ચિમી સાહિત્ય અને કોલરિજ અને મેથ્યુ આર્નોલ્ડ જેવા વિવેચકો અને ગોવર્ધનરામ ત્રિપાઠી અને આનંદશંકર ધ્રુવ જેવા ગુજરાતી લેખકોથી પ્રેરિત હતા.

## આજનો પ્રવાસ : ચોમાસામાં જોવાલાયક

ગુજરાતના આ ૭ હિલ સ્ટેશન ચોમાસામાં સોળે કલાએ ખીલે છે, જાણો કઈ રીતે અને ક્યારે જવું.

ચોમાસાની સિઝન શરૂ થતાં જ વિવિધ પ્રાકૃતિક સ્થળોની સુંદરતા સોળે કળાએ ખીલી ઉઠે છે. કોઈપણ ઉંમરના વ્યક્તિને ચોમાસાની ઋતુ ખાસ ગમી જાય છે, કારણ કે ચારે તરફ વરસાદ બાદ લીલી ચાદર ઓઢીને સુતેલી ધરતીને નિહાળવાનો આ સુંદર સમયગાળો હોય છે. આ દરમિયાન ઘણી વખત આપણને લોંગ ડ્રાઈવ પર કે ફરવા જવાનું મન કરાવી દે તેવો માહોલ હોય છે. દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતને સાંસ્કૃતિક ધરોહરની સાથે પ્રાકૃતિક સૌંદર્યના પણ આશીર્વાદ મળ્યા છે. રાજ્યની આબોહવા વર્ષ દરમિયાન સુષ્ક હોવા છતા અહીં અમુક એવા મનમોહક સ્થળો આવેલા છે, જ્યાં સાક્ષાત માતા પ્રકૃતિનો આશીર્વાદ વરસ્યો છે. આજે અમે તમને ગુજરાતમાં આવેલા ૭ એવા હિલ સ્ટેશન વિશે જણાવીશું જ્યાં તમારે ચોમાસાનો આનંદ માણવા ખાસ જવું જોઈએ.

**વિલસન હિલ્સ :** વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાની નજીક આવેલ વિલસન હિલ્સ પ્રકૃતિની નજીક રહેવાનો આનંદ માણતા કોઈપણ વ્યક્તિ માટે બેસ્ટ સ્થળ છે. તે પાંગરબારી વન્યપ્રાણી અભયારણ્યની બાજુમાં ગીચ જંગલવાળા વિસ્તારમાં આવેલું હોવાથી અહીંનું વાતાવરણ ચોમાસામાં ખૂબ જ આકર્ષક હોય છે. ટ્રેકિંગમાં જે લોકોને રસ હોય તેઓ આ સ્થળે ચોક્કસ જઈ શકે છે.

બારૂમાલ શિવ મંદિર, વિલસન હિલ્સ મ્યુઝીયમ, ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર, બિલપુડી ટ્વિન વોટરફોલ્સ, માર્બલ છત્રી પોઈન્ટ, શંકર વોટરફોલ, ઓઝોન વેલે

સોશિયલ મીડિયામાં વીડિયો વાઈરલ

# બળદ ન પોસાતો હોવાથી વૃદ્ધ ખેડૂત જાતે હળ સાથે જોતરાયો

## લાતૂરના હળ સાથે જોતરાયેલા વયોવૃદ્ધ ખેડૂત અંબાદાસ પવાર અને હળ ચલાવતા તેમના પત્ની શાંતાબાઈની વીડિયો વાઈરલ થયો હતો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૩**

પ્રગતિશીલ મહારાષ્ટ્રની હૈયુ હચમચાવી નાખે એવી હકીકત સામે આવી છે. લાતૂરના અત્યંત ગરીબ અને વયોવૃદ્ધ ખેડૂત પાસે બળદ ખરીદવાના પૈસા ન હોવાથી ૬૫ વર્ષની ઉંમરે તેમણે હળ સાથે જાતને જોતરીને વૃદ્ધ પત્નીની મદદથી ખેતર ખેડવાની નોબત આવી હતી. નોટ વરસાવી વોટનું રાજકારણ ખેલાય છે અને જાત જાતની યોજનાઓ પાછળ કરદાતાના અબજો રૂપિયા પાણીની જેમ વાપરવામાં આવે છે ત્યારે લાતૂર જિલ્લાના અહમદપુર તાલુકાના હાડોળતી ગામના ૬૫ વર્ષના અંબાદાસ પવારને હળ સાથે જોતરાઈને ખેતી કરતા જોઈને કોઈએ મોબાઈલથી વીડિયો ઉતાર્યા પછી આ વીડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ભલભલાની આંખોમાં ઝળઝળીયા આવી ગયા હતા. હાડોળતી ગામના અંબાદાસ પવાર પાસે અઢી એકરની જમીન છે દિકરીના



લગ્ન થઈ ગયા છે, અને દીકરો પુણેમાં નાનું-મોટું છૂટક કામ કરીને ગુજારો કરે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી ખેતર ખેડવા માટે બળદ ખરીદવાના પૈસા ક્યાંથી કાઢે ? એટલે અંબાદાસ પવારે અને તેમના વૃદ્ધ પત્ની શાંતાબાઈએ હળ સાથે જોતરાઈને ખેતર ખેડવાનું નક્કી કર્યુ હતું. બળદની જગ્યાએ અંબાદાસ જોતરાયા હતા અને પાછળ તેમના પત્ની દાણા વેરતા પાછળ ચાલતા નજરે પડયા હતા. લાતૂરના હળ સાથે જોતરાયેલા વયોવૃદ્ધ ખેડૂત અંબાદાસ પવાર અને હળ ચલાવતા તેમના પત્ની શાંતાબાઈની વીડિયો વાઈરલ થયો હતો. અંબાદાસ પવારે કહ્યું હતું કે બળદ ખરીદવાના કે ટ્રેકટર ભાડે લેવાના પૈસા નથી એટલે છેલ્લા બે વર્ષથી આ રીતે અમે ખેતર ખેડીએ છીએ. મારા હાથ ધ્રૂજે છે, બોજ હેઠળ પગ લથડાય છે અને મારી ડોક તથા કમર માં ભારે પીડા થાય છે. પરંતુ, ,મને બળદ ભાડે લાવવાનું પણ પોસાય તેમ નથી. ટ્રેકટર ભાડે રાખવાનું તો સપને પપણ વિચારી શકું તેમ નથી. અધૂરામાં પૂરૂં બિયારણ અને ખાતરના ભાવ વધી ગયા છે. એમાં પાછળ કાંઈ બચતું જ નથી. આમ છતાં કુટુંબનું પેટ પાળવા માટે દેવું કરીનેય ગાડું ગબડાવવું પડે છે. મારા માથે ૪૦ હજારનું દેવું છે, સરકાર કર્જ માફ કરે અને સહાય કરે એવી અમે અપીલ કરીએ છીએ. બાકી તો અત્યાર સુધી સરકારે રાતી પાઈ જેટલીય મદદ નથી કરી. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર અનેક લોકોએ શેર કર્યો હતો. લોકોયે કહ્યું હતું કે એક પ્રાણીની જગ્યાએ માણસ જાતે હળ ચલાવવા જોતરાય છે એ બહુ મોટી શરમ છે. સરકારે આ ખેડૂતને કોઈ રીતે મદદ કરવી જોઈએ. ખેડૂત અંબાદાસ પવારપની આ અવદશાનો પડઘો આજે વિધાનસભામાં પણ પડયો હતો. વિપક્ષોએ આજે ખેડૂતોના પ્રશ્ને ધમાલ મચાવી હતી. તેમાં આ ખેડૂતના વિડીયોનો પણ ઉલ્લેખ કરાયો હતો. વિપક્ષી સભ્યોએ જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોના કલ્યાણની મોટી મોટી વાતો કરે છે પરંતુ વાસ્તવિકતા આ છે. આ ઉહાપોહ બાદ તંત્રવાહકો પણ દોડતા થયા હતા. હવે ખેડૂતને સરકાર તરફથી મદદ કરવામાં આવે એવી શક્યતા છે.

**રખડતા કૂતરાના ત્રાસને અંકુશમાં લેવામાં પાલીકા નિષ્ફળ**

# સુરતમાં ઘરમાં કૂતરું પાળવા માટે હવે પડોશીની પણ મંજૂરી લેવી પડશે

## ડોગ લાઈસન્સ માટે સોસાયટી ચેરમેન અને ૧૦ પાડોશીના બાંયધરીપત્ર લેવા પાલિકાએ નિયમાવલી બનાવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૩**

સુરતમાં તમે કૂતરું પાળવા માટે તમારા પાડોશીની પરવાનગી લેવી પડે તેવી પાલિકાએ નિયમાવલીમાં બનાવી છે. સુરતમાં ડોગ લાઈસન્સ માટે સોસાયટી ચેરમેન અને ૧૦ પાડોશીના બાંયધરીપત્ર ફરજિયાત કરાયા છે. અમદાવાદમાં પાલતુ શ્વાન કરડવાથી એક બાળકનું કરુણ મોત થયા બાદ સુરત મહાનગરપાલિકાનું તંત્ર પણ હરકતમાં આવ્યું છે. નાગરિકોની સુરક્ષા અને પાલતુ પ્રાણીઓ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે સુરત પાલિકાએ પાલતુ શ્વાન રાખવા માટે લાઈસન્સ ફરજિયાત બનાવવાની અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. બીજી બાજુ માર્કેટ વિભાગ દ્વારા શહેરમાં ૧૦૦૦થી વધુ પાલતુ શ્વાન માલિકોને નોટિસો ફટકારવામાં આવી છે. નોટિસ અનાદર બદલ શ્વાન માલિકને મોબાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. જ્યાં જજ દ્વારા નિર્ણય લેવામાં આવશે. સુરત મહાપાલિકાના માર્કેટ સુપરિન્ટેન્ડેન્ટ દિગ્વિજયરામના જણાવ્યા અનુસાર, સુરત શહેરમાં હવે



કોઈપણ વ્યક્તિ પાલતુ શ્વાન રાખવા માંગતી હોય, તો તેણે ફરજિયાતપણે પાલિકા પાસેથી લાઈસન્સ મેળવવું પડશે.

જો ડોગના માલિકો સોસાયટીમાં રહેતા હોય તો આસપાસના ૧૦ પાડોશીઓની બાંહેધરી પત્ર ફરજિયાત છે. એપાર્ટમેન્ટમાં રહેતા હોય તોઃ એપાર્ટમેન્ટના ચેરમેન અને આસપાસના પાડોશીઓની બાંહેધરી જરૂરી રહેશે તેવું તેમણે ઉમેર્યું હતું. પાલિકાના માર્કેટ વિભાગ દ્વારા આ નવા નિયમો લાગુ કરતાં પહેલાં જ શહેરમાં ૧૦૦૦થી વધુ પાલતુ શ્વાન માલિકોને નોટિસો ફટકારવામાં આવી હતી. આ નોટિસો દ્વારા તેમને નવા નિયમો વિશે જાણ કરવામાં આવી હતી અને લાઈસન્સ મેળવવા માટેની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી. અત્યાર સુધીમાં પાલિકાને લાઈસન્સ માટે કુલ ૨૫૬ અરજીઓ મળી છે. તેમાંથી ૧૫૦ અરજીઓને મંજૂરી આપીને લાઈસન્સ ઈશ્યૂ કરવામાં આવ્યા છે. જોકે, ૧૦૯ અરજીઓ તપાસ બાદ કેન્સલ કરવામાં આવી છે. માર્કેટ સુપરિન્ટેન્ડેન્ટ દિગ્વિજયરામે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, જો કોઈ શ્વાન માલિક લાઈસન્સ વિના પાલતુ શ્વાન રાખતો જણાશે, તો તેની સામે કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે. નોટિસ અનાદર બદલ શ્વાન માલિકને મોબાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. જ્યાં જજ દ્વારા નિર્ણય લેવામાં આવશે. પૂર્વ વિપક્ષી નેતા બાબુ રાયકા કહે છે કે, સુરતમાં કૂતરાના બાળકો અને મોટેરા ઉપર હિંસક હુમલો કરવાની ઘટનાઓ વધી રહી છે. છેલ્લા બે વર્ષમાં કૂતરાંઓનાં કરડવાને કારણે મોતના પણ છ કિસ્સા નોંધાયા છે. કૂતરાં કરડવાની ઘટનાઓ પણ રોજ ૨૦થી વધારે નોંધાય છે.

જોકે, આ ઘટનાઓમાંથી સુરતમાં તો લગભગ બધી જ ઘટના રખડતા કૂતરાઓના હિંસક હુમલા અથવા કરડવાને લીધે બની છે. તેને અંકુશમાં લેવામાં પાલિકા સદંતર અસમર્થ સાબિત થઈ છે. જોકે, આશ્ચર્ય એ વાતનું છે કે, પાલિકાએ નિયમો પાલતુ શ્વાન માટેના બનાવી દીધા છે. નિયમો બનાવ્યા તે સારો પ્રયાસ છે પણ ઈલાજ રખડતા કૂતરાઓના મુદ્દે કરવાનું છોડીને પાલિકા પાલતુ કૂતરા પાછળ પડી ગઈ છે તે "નબળો માટી પત્ની ઉપર શૂરો.." જેવો ઘાટ કર્યો છે.

# એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ સર્વિસિસ ઓપર્ચ્યુનિટી ફંડ લોંચ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૩**

ભારતની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે આજે એક્સિસ સર્વિસિસ ઓપર્ચ્યુનિટી ફંડ લોંચ કરવાની જાહેરાત કરી છે, જે સર્વિસિસ થીમ પર આધારિક એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે. ન્યુ ફંડ ઓફર ૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ ખુલશે અને ૧૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ બંધ થશે. લઘુત્તમ અરજીની રકમઃ રૂપિયા ૧૦૦ અને ત્યારબાદ રૂપિયા ૧/-ના ગુણાંકમાં. એક્ઝિટ લોડઃ જો એલોટમેન્ટ તારીખથી ૧૨ મહિનામાં જ રિડીમ/સ્વીચ-આઉટ કરવામાં આવેઃ રોકાણના ૧૦ ટકા માટેઃ બાકી રોકાણો માટે શૂન્યઃ ૧ ટકા, જે એલોટમેન્ટ તારીખથી ૧૨ મહિના બાદ રિડીમ/સ્વીચ-આઉટ કરવામાં આવે છેઃ શૂન્ય.

એક્સિસ સર્વિસિસ ઓપર્ચ્યુનિટી ફંડને રોકાણકારો માટે એવી કંપનીઓના ખૂબ જ સાવધાનીપૂર્વક તૈયાર કરવામાં આવેલા પોર્ટફોલિયો સુધી પહોંચને પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે, જે ભારતની સર્વિસિસ આધારિત આર્થિક પરિવર્તનમાં અગ્રેસર છે. ફંડનો ઉદ્દેશ એવા સ્કેલેબલ, મૂડી-પર્યાપ્તતા, અને સ્પર્ધાત્મકતાની દ્રષ્ટીએ લાભદાયક કારોબારોમાં રોકાણ કરીને લાંબા ગાળા માટે મૂડીગત વૃદ્ધિનું સર્જન કરવાનો છે, જે તેમના મુખ્ય આવકથી સર્વિસ આધારિત ઓફર મારફતે પ્રાપ્ત કરે છે. આ ફંડનું સંચાલન શ્રી શ્રેયશ દેવલકર (હેડ-ઈક્વિટી), શ્રી સચિન રેલેકર (સિનિયર ફંડ મેનેજર) અને શ્રીમતી કૃષ્ણા નારાયણ (વિદેશી રોકાણો માટે) દ્વારા કરવામાં આવશે. આ ફંડ તેની એસેટ્સના ઓછામાં ઓછા ૮૦ ટકા એવી કંપનીઓના શેરોમાં રોકાણ કરશે કે જે સર્વિસ થીમનો ભાગ છે, બેંચમાર્ક નિફ્ટી સર્વિસ સેક્ટર ઈન્ડેક્સ મારફતે ૪૮ ઈન્ડસ્ટ્રીઝ વ્યાખ્યાયિત કરી છે. તેમાં ફાયનાન્શિયલ સર્વિસિસ, આઈટી, ટેલિકોમ, પાવર, ઈ-કોમર્સ, ટ્રાન્સપોર્ટ, હેલ્થકેર સર્વિસિસ, ફિનટેક, એન્ટરટેઈનમેન્ટ, અને અન્ય ઘણા સેક્ટરનો સમાવેશ થાય છે.

એક્સિસ એએમસીના એમડી અને સીઈઓ શ્રી બી.ગોપકુમારે જણાવ્યું હતું કે, ''ભારતના ભવિષ્યના વિકાસને સર્વિસ સેક્ટર દ્વારા વેગ આપવામાં આવે તેવી અપેક્ષા છે, અને આ સેગમેન્ટ માટે સંરચનાત્મક અનુકૂળ સ્થિતિ વ્યાપક તથા ટકાઉ બન્ને છે.'' એક્સિસ સર્વિસિસ ઓપર્ચ્યુનિટી ફંડ સાથે અમે રોકાણકારોને એક સક્રિયપણે સંચાલિત રોકાણ સાધન પ્રદાન કરી છીએ, જે તેને લાંબા ગાળાના પરિવર્તનનો લાભ મેળવવા માટે તૈયાર કરવામાં આવેલ છે.

ભારતનું સર્વિસ ઈકોનોમીઃ વિકાસનું એન્જીન.

**કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશખબર**

# કેન્દ્રીય કર્મચારીઓ જુલાઈમાં ૪% વધી શકે છે મોંઘવારી ભથ્થું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા. ૦૩**

**હાલમાં કર્મચારીઓને તેમના બેઝિક પગારના ૫૩% DA મળે છે, જો ૪%નો વધારો થાય, તો તે ૫૭% સુધી પહોંચશે**

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર છે. હાલમાં ૮મા પગાર પંચની રાહ જોવાઈ રહી છે, પરંતુ તે પહેલાં મોંઘવારી ભથ્થા (DA)માં વધારો થઈ શકે છે. સરકાર જુલાઈ ૨૦૨૫થી ડ્ઢછમાં ૩થી ૪ ટકાનો વધારો કરી શકે છે. મોંઘવારી ભથ્થું એટલે DA, જે સરકાર તેના કર્મચારીઓને મોંઘવારીની અસરથી રાહત આપવા માટે આપે છે. જેમ-જેમ વસ્તુઓના ભાવ વધે છે, તેમ-તેમ DAમાં પણ વધારો કરવામાં આવે છે. આ વધારો વર્ષમાં બે વખત થાય છે.

પહેલીવાર વધારો જાન્યુઆરીમાં કરવામાં આવે છે અને બીજો ૧ જુલાઈથી લાગુ થાય છે. સરકાર જ્યારે પણ DA વધારવાની જાહેરાત કરે, પરંતુ તે ૧ જાન્યુઆરી અથવા ૧ જુલાઈથી જ લાગુ ગણાય છે. સરકાર ૧ જુલાઈથી લાગુ થનારા DAની જાહેરાત દિવાળી પહેલાં કરી શકે છે. હાલમાં કર્મચારીઓને તેમના બેઝિક પગારના ૫૩% DA મળે છે. જો ૩%નો વધારો થાય, તો તે ૫૬% થઈ જશે અને જો ૪%નો વધારો થાય, તો તે ૫૭% સુધી પહોંચી શકે છે. આ નિર્ણય CPI-IWના આંકડા પર આધારિત છે, જે મોંઘવારીને માપે છે. મે ૨૦૨૫ સુધીના જે આંકડા આવ્યા છે, તેનાથી એવો સંકેત મળી રહ્યો છે કે જુલાઈમાં ૩થી ૪%નો DA વધારો થઈ શકે છે.

જો કોઈ કર્મચારીનો બેઝિક પગાર (બેઝિક સેલેરી) ૧૮,૦૦૦ રૂપિયા છે, તો હાલમાં તેમને ૫૩% ડ્ઢછ એટલે કે ૯,૯૯૦ રૂપિયા મોંઘવારી ભથ્થું મળે છે. ૩%ના વધારા પછી DA ૧૦,૪૪૦ રૂપિયા થઈ જશે, એટલે કે ૫૪૦ રૂપિયાનો વધારો. જેમનો બેઝિક પગાર વધારે છે, તેમને આ વધારો વધુ ફાયદો આપશે.

જૂન ૨૦૨૫નો CPI-IW ડેટા જુલાઈના અંતમાં આવશે. ત્યારબાદ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં કેન્દ્રીય કેબિનેટ DA વધારવાનો નિર્ણય લઈ શકે છે. પછી આ વધેલું ભથ્થું જુલાઈ ૨૦૨૫થી એરિયર સાથે આપવામાં આવશે. જ્યાં સુધી ૮મું પગાર પંચ લાગું નહીં થાય, ત્યાં સુધી આ DA વધારો એ સરકાર તરફથી કર્મચારીઓને રાહત આપવાનું માધ્યમ છે. તેથી જો તમે કેન્દ્ર સરકારના કર્મચારી કે પેન્શનર છો, તો જુલાઈ ૨૦૨૫માં આવનારો ૩-૪%નો DA વધારો તમારા ખિસ્સામાં થોડી વધુ રાહત લાવશે.

# દેશી કુળની ગાયનાં ગૌમુત્રનું વૈજ્ઞાનિક, તબીબી મૂલ્ય



## ગૌમૂત્રનું સેવન કરશે અનેક રોગોનું નિકંદન

ગાયના દુધનું જેટલું મહત્વ છે તેટલું જ ગૌમૂત્રનું પણ મહત્વ છે. પ્રાચીનકાળથી જ હિન્દુ ધર્મમાં ગાયને માતા કહેવામાં આવે છે. ગાયનું દૂધ, તેનું ઘી, તેનું છાણ વગેરે વસ્તુઓ શરીરને સ્વસ્થ રાખે છે. એટલું જ નહીં પરંતુ ગાયનું ગૌમૂત્ર પણ સ્વાસ્થ્ય માટે એટલું જ લાભદાયી છે. ગાયનું મૂત્ર રોગમુક્ત બનાવે છે. ભારત દેશમાં ગાયો ઘણા બધા પ્રકારની જોવા મળે છે, પરંતુ દેશી ગાયનું ગૌમૂત્ર શ્રેષ્ઠ હોય છે. તેના મૂત્રમાં વધારે માત્રામાં ઔષધીય ગુણો જોવા મળે છે.

પ્રાચીનકાળથી જ ગૌમૂત્રનો ઉપયોગ એક ઔષધી તરીકે કરવામાં આવે છે. ગૌમૂત્ર જીવાણુનાશક હોય છે અને તેમાં નાઈટ્રોજન, કોપર, ફોસ્ફેટ, પોટેશિયમ અને યુરિક એસિડ જેવા મહત્વનાં અનેક ઘટકો રહેલા હોય છે. જે ઘણા રોગોને દૂર કરી શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નિયમિત રીતે ગૌમૂત્રનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને લોહી શુદ્ધ થાય છે. તે મગજ અને હૃદય બંનેને શક્તિશાળી બનાવે છે. જો કે ગર્ભવતી હોય તેવી મહિલાએ ગાયનું મૂત્ર પીવું ન જોઈએ. આ ઉપરાંત એક સ્વસ્થ વ્યક્તિએ ૪૫ ગ્રામ, તેમજ બીમાર વ્યક્તિએ ૧૦૦ ગ્રામ ગૌમુત્રનું સેવન કરવું જોઈએ. તેનાથી વધારે સેવન કરવું નહીં. જો વધુ સેવન કરો તો શરીરને નુકસાન પણ થઈ શકે છે.

ગાયનું ગૌમૂત્ર હંમેશા કાચ અથવા માટીના વાસણમાં જ લેવું જોઈએ ત્યારબાદ તેને સ્વચ્છ કપડાંથી ત્રણવાર ગાળી લેવું અને એક કપના ચોથા ભાગ જેટલા ગૌમૂત્રનું સેવન સવારે ખાલી પેટ કરવું જોઈએ.

કેન્સર કરક્યુમીન નામના તત્વની ઉણપથી થાય છે. આ તત્વ ગૌમૂત્રમાં ભરપુર માત્રામાં હોય છે. તેથી તે ગળાનું, પેટનું તથા અન્નનળીનું કેન્સર મટાડવામાં મદદ કરે છે. ટી.બી.ના દર્દી માટે પણ ગૌમૂત્ર લાભદાયી છે. જો કોઈ વ્યક્તિને ટીબી હોય તો ડોઝ દ્વારા નવ મહિનામાં ખતમ થઈ જાય છે. જ્યારે ગૌમૂત્રના નિયમિત સેવનથી તેને ત્રણ થી છ મહિનામાં દૂર કરી શકાય છે.

શરીરમાં સલ્ફર તત્વની ઉણપથી ત્વચા સંબંધી અલગ અલગ રોગો થતા હોય છે. જો ગૌમૂત્રનું નિયમિત સેવન કરવામાં આવે તો ત્વચા સંબંધી કોઈપણ રોગ દૂર કરી શકાય છે. આ ઉપરાંત ત્રિફળા અને ગૌમૂત્રનું એકસાથે સેવન કરવાથી એનિમિયાની સમસ્યાને દૂર કરી શકાય છે.

આ ઉપરાંત વાત, પિત્ત અને કફ ત્રણેય નિયંત્રિત કરવા માટે માત્ર એક ગૌમૂત્ર જ કાફી છે. નિયમિત પણે ખાલી પેટ ગૌમૂત્રનું સેવન કરવાથી વાત, પિત્ત અને કફ આ ત્રણેય સમસ્યાઓનું નિવારણ લાવી શકાય છે.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ગૃહ વિભાગે આપી મંજૂરી

# સાયબર ક્રાઈમને નાથવા બનશે રાજ્યનું પહેલું સાયબર એક્સલન્સ સેન્ટર

**આ સેન્ટર સાયબર ગુનાઓની ઝડપી તપાસ, ડિજિટલ ફોરેન્સિક એનાલિસિસ, મેલવેર ડિટેક્શન, ક્રિપ્ટો-ફ્રોડ તપાસ કરશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૦૩**

રાજ્યમાં વધી રહેલી ટેક્નોલોજી અને ઈન્ટરનેટની સુવિધાની સાથે સાથે ડિજિટલ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં પણ એકદમ ઉછાળો આવ્યો છે. જેને નાથવા માટે ગુજરાત સરકાર એક મહત્વકાંક્ષી પગલું ભરવા જઈ રહી છે. જે અંતર્ગત ગાંધીનગરમાં રૂ. ૩૦૦ કરોડના ખર્ચે આધુનિક ટેકનોલોજીથી સજ્જ ''સાયબર એક્સલન્સ સેન્ટર''ની સ્થાપનાની સૈદ્ધાંતિક મંજૂરી ગૃહ વિભાગે આપી છે. વિશેષ માહિતી મુજબ, રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજ્ય વિધાનસભામાં રજૂ થયેલા બજેટમાં સાયબર એક્સલન્સ સેન્ટરની આ યોજનાનો ઉલ્લેખ કરાયો હતો.

આ સેન્ટર રાજ્યની રાજધાની ગાંધીનગરમાં સ્થપાશે, જ્યાંથી સમગ્ર ગુજરાતમાં થઈ રહેલા સાયબર ગુનાઓ પર નજર રાખવા તેમજ તેમની ઝડપી તપાસ માટે તંત્ર કાર્યરત રહેશે. સાઈબર એક્સલન્સ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ સાયબર ક્રાઈમ સામે ઝડપી તપાસ, ડિજિટલ ફોરેન્સિક એનાલિસિસ, મેલવેર ડિટેક્શન, ક્રિપ્ટો-ફ્રોડ તપાસ, ડાર્ક વેબ મોનીટરીંગ જેવી વિશિષ્ટ કામગીરી કરવો છે.

આ સેન્ટર હેઠળ કુલ ૧૧ વિશિષ્ટ યુનિટ કાર્યરત થશે. જેમ કે.. ડિજિટલ ફોરેન્સિક લેબ, ડાર્ક વેબ એનાલિસિસ વિભાગ, ક્રિપ્ટો કરન્સી એનાલિસિસ, મેલવેર ડિટેક્શન યુનિટ, બિગ ડેટા અને AI આધારિત ઈન્ફર્મેશન એનાલિસિસ, સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ, એથિકલ હેકિંગ અને ટ્રેનિંગ યુનિટ.

ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા અનુસાર, આ સેન્ટરમાં ઉમેદવારોને તેમના ટેકનિકલ શિક્ષણ અને અનુભવના આધારે પસંદ કરવામાં આવશે. ખાસ કરીને કમ્પ્યુટર સાયન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, નેટવર્ક સિક્યુરિટી અને ઈથિકલ હેકિંગના નૈષ્ણિકતા ધરાવતા યુવાનોને તકો આપવામાં આવશે.

છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં UPI ફ્રોડ, પર્સનલ ડેટા લીક, સીમ-સ્વેપિંગ અને સોશિયલ મીડિયા સ્કેમ જેવી ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્ય પોલીસે દર વર્ષે સરેરાશ ૩,૦૦૦થી વધુ સાયબર ગુના નોંધ્યા છે, જેમાં વધુ પડતા કેસ અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેવા મહાનગરોમાંથી આવે છે. સરકારનો આશાવાદ છે કે, આ સેન્ટર દેશના સવર્શ્રેષ્ઠ સાયબર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સ્થાન પામશે અને ગુજરાતને ડિજિટલ સુરક્ષામાં મૉડલ રાજ્ય તરીકે ઊભું કરશે. આગામી મહિને કામગીરી શરૂ થવાની શક્યતા છે અને ૨૦૨૬ના અંત સુધીમાં સંપૂર્ણ ઓપરેશનલ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### શેર બજારમાં ગુજરાતનો ધમાકો!

# રોકાણકારોની સંખ્યાએ એક કરોડનો આંકડો પાર કર્યો




(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૦૩**

ભારતીય શેરબજારમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. ઘણા લોકો નિયમમિત રોકાણ કરીને સારી આવક પણ મેળવી રહ્યા છે. નિફ્ટીના ડેટા મુજબ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પછી, હવે ગુજરાતે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરી લીધો છે. મે ૨૦૨૫ સુધીના ડેટા મુજબ, ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં શેરબજારમાં જોડાનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ગુજરાત હવે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરનાર ત્રીજું રાજ્ય બન્યું છે. આ માહિતી નેશનલ સ્ટોક એક્સચેન્જના ડેટા પરથી પ્રાપ્ત થઈ છે.

મે ૨૦૨૫ સુધીના NSE ડેટા દર્શાવે છે કે ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ફક્ત મે મહિનામાં જ ૧૧ લાખથી વધુ નવા રોકાણકારો જોડાયા. આ ૯ ટકાનો માસિક વધારો દર્શાવે છે, જે નવી નોંધણીઓમાં સતત ચાર મહિનાના ઘટાડા પછી મજબૂત ઉછાળો દર્શાવે છે.

પ્રદેશવાર જોઈએ તો, ઉત્તર ભારત ૪.૨ કરોડ નોંધાયેલા રોકાણકારો સાથે ટોચ પર છે, જ્યારે પશ્ચિમ ભારતમાં ૩.૫ કરોડ રોકાણકારો છે. દક્ષિણ ભારતમાં ૨.૪ કરોડ રોકાણકારો છે, જ્યારે પૂર્વ ભારતમાં ૧.૪ કરોડ રોકાણકારો છે. છેલ્લા ૧૨ મહિનામાં ઉત્તર અને પૂર્વ ભારતમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. ઉત્તર ભારતમાં ૨૪ ટકા અને પૂર્વ ભારતમાં ૨૩ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, દક્ષિણ ભારતમાં ૨૨ ટકા અને પશ્ચિમ ભારતમાં ૧૭ ટકાનો વધારો જોવા મળ્યો છે. એકંદરે, વૃદ્ધિ પેટર્નમાં વધારો થયો છે.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં ૯ કરોડ રોકાણકારોના આંકડા સુધી પહોંચ્યા પછી, દર પાંચથી છ મહિને એક કરોડ રોકાણકારો ઉમેરાયા. ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, આ આંકડો ૧૦ કરોડ સુધી પહોંચ્યો અને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં તે ૧૧ કરોડ સુધી પહોંચી ગયો. જોકે, ફેબ્રુઆરીથી મે ૨૦૨૫ સુધીના મહિનાઓમાં વૃદ્ધિ દર નોંધપાત્ર રીતે ધીમો પડ્યો. આ પછી, દર મહિને સરેરાશ ૧૦.૮ લાખ નવા રોકાણકારો જોડાયા. કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માં માસિક સરેરાશ ૧૯.૩ લાખ નવા રોકાણકારોની સરખામણીમાં આ નોંધપાત્ર ઘટાડો છે. મંદી હોવા છતાં, મે મહિનામાં તાજેતરનો ઉછાળો રોકાણકારોના નવા રસનો સંકેત છે. તે ભારતીય મૂડી બજારોમાં છૂટક ભાગીદારીના વિસ્તરણને પણ પ્રકાશિત કરે છે.

# વલસાડ જિલ્લામાં કલા-મહાકુંભ ૨૦૨૫-૨૬ના ફોર્મ છેલ્લી તા. ૨૦-૦૭-૨૦૨૫ સુધીમાં ભરી દેવા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૩**

ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરિત કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના દ્વારા આયોજિત તથા વલસાડ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા પ્રેરિત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી દ્વારા સંચાલિત કલા મહાકુંભ-૨૦૨૫-૨૬ યોજાનાર છે. જેમાં ૬ થી ૬૦ વર્ષ ઉપર સુધીના તમામ વયજુથના કલાકારો ભાગ લઈ શકશે. વયજુથમાં ૪ વિભાગ રહેશે જેમાં (૧) ૬ થી ૧૪ વર્ષ, (૨) ૧૫ થી ૨૦ વર્ષ, (૩) ૨૧ થી ૫૯ વર્ષ અને (૪) ૬૦ વર્ષથી ઉપરનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, રાજ્યકક્ષા, સ્પર્ધાના સ્તર રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમૂનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ તથા બેંક પાસબુકની નકલ સાથે રાખી તા.૨૦-૦૭-૨૦૨૫ સુધી કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૧૦૬ જૂની ટેલીફોન એક્સચેન્જ ઓફીસ, પહેલો માળ, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ,વલસાડ-૩૯૬૦૦૧ ખાતે જમા કરાવવાના રહેશે. તથા ૨૦-૦૭-૨૦૨૫ પછી આવનાર ફોર્મ તથા અધુરી વિગતવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ એવું જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ડુંગરાથી ૨૯ વર્ષીય યુવતી ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૩:** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ડુંગરા, ડી/૨૦૪, પ્રમુખ ડેસ્ટીની, છરવાડા છીરી રોડ ખાતે રહેતા ૨૯ વર્ષીય આરતી રણજીતભાઈ યાદવ તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ રાત્રે ૭:૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘરેથી કોઈને કંઇ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી ઘરે પરત ફર્યા નથી. ગુમ આરતી મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૬ ઈંચ ઊંચાઈ ધરાવે છે. તેમણે લીલા કલરનું ટોપ, કાળા કલરનું જીન્સ અને કાળા કલરનો દુપટ્ટો પહેરેલો હતો. જો કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૯૬૦૧૯૩૯૬૨૩, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ડુંગરાથી ૧૮ વર્ષીય ઈરમ ખાન ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૩:** વાપીના ડુંગરા ખાતે ઈડબલ્યુએસ કોલોનીના બ્લોક નં. ૨૮ના રૂમ નં. ૨૭૫માં હનુમાનજી મંદિરની બાજુમાં રહેતા ઈરફાન તાહીરહુસેન ખાન (મૂળ રહે. ગામ. બૈતીકલા, પોસ્ટ બૈતીકલા, થાના હેદરગંજ, તા.બીકાપુર, જિ.અયોધ્યા, ઉત્તરપ્રદેશ)ની ૧૮ વર્ષીય દીકરી ઈરમ તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ ૭/૪૫ કલાકે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ ડુંગરા પોલીસ મથકે જાણ કરી હતી. ગુમ થનાર ઈરમ ખાને લાલ કલરનું ટોપ અને વાદળી કલરનું જિન્સ પેન્ટ પહેર્યું હતું સાથે કાળા કલરનો દુપટ્ટો નાંખ્યો હતો. જે કોઈને પણ ઈરમ ખાનની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ડુંગરાથી ૨૭ વર્ષીય સાયમા અન્સારી ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૩:** વાપીના ડુંગરા ખાતે લેવીસ ગાર્ડન સોસાયટીમાં સી/૧૦૫માં રહેતા ખુરશીદઅહમદ મોહમદસલીમ અન્સારીની ૨૭ વર્ષીય દીકરી સાયમા તા. ૨૬/૦૬/૨૫ના રોજ ૧૫/૩૦ કલાકે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ઘરેથી ક્યાંક નીકળી ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા પિતાએ ડુંગરા પોલીસ મથકે પોતાની દીકરી ગુમ થઈ હોવાની જાણ કરી હતી. સાયમા અન્સારીએ ઘરેથી નીકળતી વેળા અલગ અલગ કલરની ડિઝાઈન વાળી કુર્તિ, કાળા કલરનો પ્લાઝો અને ઉપર કાળા કલરનો બુરખો પહેર્યો હતો સાથે હાથમાં કાળા કલરના ગ્લોઝ અને પગમાં પિંક અને બ્લેક કલરના બુટ પહેર્યા હતા. જે દેખાવે મધ્યમ બાંધો, ગોરો વર્ણ અને સાડા પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. જે હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

### વડગામમાં ૮.૬ ઈંચ વરસાદથી જળબંબાકાર

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લામાં વર્ષા



**છેલ્લા ૨૪ કલાકમાં તાપી જિલ્લાના વલોદ, સુરતના ઉમરપાડા અને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં ૫ ઈંચ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૦૩**

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લાના ૧૬૨ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં સૌથી વધુ ૮.૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, મહેસાણાના વિજાપુર તેમજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને દાંતીવાડા તાલુકામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં તાપી જિલ્લાના વલોદ, સુરતના ઉમરપાડા અને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સુરતના મહુવા, સાબરકાંઠાના વડાલી અને ડાંગના સુબીર તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ તેમજ તાપીના વ્યારા અને ડોલવણ, સાબરકાંઠાના હિંમતનગર તથા ખેડાના કઠલાલ અને કપડવંજ તાલુકામાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. વધુમાં, રાજ્યના ૧૦ તાલુકામાં બે ઈંચથી વધુ, ૧૩ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે ૧૨૪ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આજે, તા. ૦૩ જુલાઇ, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ જ્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આજે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું. હવામાન વિભાગ દ્વારા આજે કચ્છ, પાટણ અને મહેસાણા જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આ સાથે આજે ગાંધીનગર, અરવલ્લી, મહીસાગરમાં ભારે વરસાદ પડી શકે છે. અમરેલી, ભાવનગર અને સુરતમાં પણ આજે યલો એલર્ટ જાહેર કરાયું છે. આ સાથે તાપી, નવસારી અને ડાંગમાં પણ ભારે વરસાદ પડી શકે છે તો વલસાડ, દમણ, દાદરા નગરહવેલીમાં પણ આજે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ડાંગ જિલ્લામાં બે દિવસથી અવિરત વરસાદ છે. ડાંગ જિલ્લાની ઓળખ સમાન ગીરાધોધ પોતાના અસલ મિજાજમાં છે. પ્રવાસીઓને ગીરાધોધ પાસે જવાની મનાઈ ફરમાવતો હુકમ જાહેર કરવામાં આવ્યો છે. તથા જિલ્લાની અંબિકા, પૂર્ણા, ગીરા અને ખાપરી નદીઓમાં ઘોડાપુર આવ્યું છે. તેમજ અનેક કોઝવે ઉપર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો છે. જિલ્લામાં કોઝવે ઉપર પાણી ફરી વળતા ૨૦ થી વધુ ગામો સંપર્ક વિહોણા થયા છે. તથા સાપુતારા વઘઈ મુખ્ય માર્ગ ઉપર ઠેર ઠેર ભેખળો ધસી પડવાના બનાવો પણ બન્યા છે.

## મૃતકના વાલી વારસોએ વલસાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૩**

વલસાડ સિટી વિસ્તારથી તા.૨૮-૦૬-૨૫ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે આશરે ૬૦ વર્ષીય પુરૂષ પડેલી હાલતમાં મળી આવતાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં મેલ વોર્ડ નં-૨, છઠ્ઠા માળે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૮-૦૬-૨૫ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યે તેમનું મૃત્યું થયું હતું. મૃતક પાતળો બાંધો, ૫ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ, ઘઉંવર્ણ, માથાના કાળા-સફેદ ટૂંકા વાળ અને લંબગોળ ચહેરો ધરાવે છે. અજાણ્યા મૃતકના વાલી વારસોની કોઈ ભાળ મળી આવી નથી. આ મૃતકના વાલી વારસોની કોઈ ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ સ્ટેશનનો ૦૨૬૩૨-૨૪૪૨૩૩ અને ૯૪૨૭૫ ૧૭૨૫૯ મારફતે સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ધરમપુરના સજનીબરડા ગામના ખેડૂતે પ્રથમવાર રતાળુ કંદની ખેતી કરી અન્ય ખેડૂતોને રાહ ચીંધી

**બરૂમાળમાં યોજાયેલી આત્મા પ્રોજેક્ટની તાલીમ શાળામાં ભાગ લઈ પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યુંઃ ખેડૂત લક્ષ્મણ માહલા**



**સંકલનઃ જિજ્ઞેશ સોલંકી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૩**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સજનીબરડા ગામમાં રહેતા આદિવાસી ખેડૂતે પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિધ્ધાંતોનો અભ્યાસ કરી પરોપકારી ગણાતી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. હાલમાં તેઓએ પોતાની એક એકર જમીનમાં રતાળુ કંદની ખેતી આર્થિક રીતે પગભર બન્યા છે. હવે તેઓ પોતે પણ આસપાસના ગામના અન્ય ખેડૂતોને પોતાના અનુભવ દ્વારા પ્રાકૃતિક ખેતી તરફ વાળવાનું સેવા કાર્ય કરી રહ્યા છે.

ધરમપુરના સજનીબરડા ગામના પ્રગતિશીલ ખેડૂત લક્ષ્મણભાઈ ભીખાભાઈ માહલા જણાવે છે કે, પ્રાકૃતિક ખેતીની પ્રેરણા ધરમપુરના બરૂમાળ મંદિર ખાતે આત્મા પ્રોજેક્ટ દ્વારા યોજાયેલી સુભાષ પાલેકરજીની ૭ દિવસની તાલીમ કાર્યશાળામાં ભાગ લીધા બાદ મળી હતી. ત્યાર બાદ સુભાષ પાલેકરજીના વક્તવ્ય સાંભળ્યા અને પુસ્તકો વાંચી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. આ પહેલા હું ઝેરયુક્ત રાસાયણિક ખેતી કરતો હતો. જેમાં જંતુનાશક દવા અને રાસાયણિક ખાતર વાપરવાથી જમીનનું આવરણ કડક અને સખત થયું હતું. મારી જમીનની ઉત્પાદન ક્ષમતા પણ ઘટી હતી. રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન બિન ઉપજાઉ બને છે અને જમીનની ફળદ્રુપતા પણ ઓછી થઈ હતી. રાસાયણિક ખાતર અને દવાના વધતા જતા મૂલ્યના કારણે ખેતી ખર્ચ પણ વધી જતો હતો અને તેની સામે નફો ઓછો થતો હતો. જેથી પ્રાકૃતિક ખેતી તરફ મંડાણ કરતા આ પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા વધી છે અને જમીન ગોરાડુ બની છે.

**રાસાયણિક ખાતર અને દવાની વધતી જતી કિંમતને કારણે ખેતી ખર્ચ પણ વધી જતો હતોઃ જીવામૃત અને ઘન જીવામૃત આપવાથી રતાળુ કદ મોટુ થાય છે અને બજાર ભાવ પણ સારો મળે છે**

પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખેતી વચ્ચે પોતાના જાત અનુભવની તુલના કર્યા બાદ ખેડૂત લક્ષ્મણભાઈ માહલા વધુમાં જણાવે છે કે, હાલમાં હું રતાળુ કંદની પ્રાકૃતિક ખેતી છેલ્લા બે વર્ષથી કરું છું અને ગુણવત્તા વાળું ઉત્પાદન મેળવું છું. જેથી બજાર ભાવ પણ સારો મળે છે. મારી પાસે કુલ જમીન ૧ એકર છે. આ તમામ જમીન પર હું પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી રતાળુની ખેતી કરુ છું. પહેલા કેમિકલના ઉપયોગથી થતી ખેતીમાં આવક રૂ.૮૫૦૦૦ અને તેની સામે ખર્ચ રૂ.૧૮,૦૦૦ થતો હતો. જે બાદ કરતા નફો રૂ.૬૭,૦૦૦ થતો હતો. પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરતા અત્યારે મારી આવક રૂ.૯૨,૦૦૦ જેમાંથી ખર્ચ રૂ.૧૫,૦૦૦ બાદ કરતા ચોખ્ખો નફો વધીને રૂ.૭૭,૦૦૦ થયો છે.

રતાળુ કંદની પ્રાકૃતિક ખેતી પધ્ધતિ સમજાવતા તેઓ વધુમાં જણાવે છે કે, રતાળુના પાકમાં ખેતર તૈયાર કરવા પહેલા ઘનજીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરી અને પાણી સાથે જીવામૃત આપ્યું હતુ જેથી રતાળુના વેલા તંદુરસ્ત જોવા મળ્યા હતા. જીવામૃત અને ઘન જીવામૃત આપવાથી જમીન ગોરાડુ અને ભરભરી બને છે જેથી રતાળુના કદમાં વધારો થાય છે અને બજાર ભાવ પણ બીજા ખેડૂતો કરતા વધારે મળે છે. જેથી અમારી આવકમાં આવકમાં વધારો થતા આર્થિક સ્થિતિમાં પણ સુધારો થયો છે. જીવામૃત અને ઘન જીવામૃત વાપરવાથી જમીનની અંદર રહેલા જરૂરી સૂક્ષ્મતત્વો અને અળસીયાની સંખ્યામાં પણ વધારો થયો છે. આમ, પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે ખૂબ ફાયદાકારક છે. આજુબાજુના ગામના ખેડૂતોને પણ હવે હું પોતે પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપી પ્રાકૃતિક ખેતી તરફ વાળી રહ્યો છું. મારી આ સફરમાં હંમેશા મને માર્ગદર્શન આપનાર વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટનો આભાર માનુ છું.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# વ્યાજના દર ઘટ્યા હોવા છતાં ભારતના ઉદ્યોગોમાં ઉત્પાદનમાં વધી રહી છે સુસ્તી

## આગામી સમયમાં આર્થિક સુધારાના નવા તબક્કાની વાત હોય કે વિશ્વના દેશો સાથે ભારે મહત્ત્વના વેપાર કરારની તૈયારી હોઈ સરકારે ભારે સાવધાની સાથે આગળ વધવાની જરૂરત રહેશે

દેશનાં અર્થતંત્ર માટે ચાવીરૂપ ઉદ્યોગ ક્ષેત્રનો દેખાવ સતત ચિંતાજનક બનતો જાય છે. ઔદ્યોગિક ઉત્પાદનના આંક (આઈઆઈપી)માં દર મહિને ઘટાડો નોંધાતાં વિકાસનાં લક્ષ્યમાં મોટો અંતરાય આવે એવાં અમંગળ એંધાણ મળી રહ્યાં છે. ચાલુ નાણાંકીય વર્ષના એપ્રિલ અને જૂન મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનના ઘટતા આંકડા સામે આવ્યા છે. મે મહિનામાં આઈઆઈપી છેલ્લા નવ મહિનાનાં નીચલા સ્તરે ૧.૨ ટકાએ પહોંચી ગયો છે. ખાસ તો બાંધકામ, ખનિજ અને વીજ ઉત્પાદન ક્ષેત્રોમાં દેખાવ ભારે નબળો રહ્યો છે. આમ તો રિઝર્વ બેન્કે મોંઘવારી નિયંત્રણમાં રહેવાને લીધે ઉદ્યોગ જગતને મદદરૂપ થવા સતત ત્રણ વખતથી બેન્કના નીતિવિષયક દરમાં ઘટાડો કર્યો છે. આરબીઆઈએ આ દરમાં ઘટાડો કર્યો તેની પાછળનો ઈરાદો સ્પષ્ટ છે કે, રેપોદર ઓછો કરવાથી ઉદ્યોગ જગતને ઓછા વ્યાજમાં ધીરાણ મળી શકે, પણ આઈઆઈપીના આંકડા બતાવે છે કે, વ્યાજના દર ઘટ્યા હોવા છતાં ઉદ્યોગોમાં ઉત્પાદનમાં સુસ્તી વધી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આઈઆઈપીના આધારે મપાતા ઔદ્યોગિક ઉત્પાદનની ટકાવારી ગયાં વર્ષે એપ્રિલ મહિનામાં ૬.૩ ટકા હતી, પણ આ વર્ષે એપ્રિલમાં તે ઘટીને ૨.૭ ટકાએ પહોંચી ગઈ છે. સ્પષ્ટ છે કે, ૨૦૨૫-'૨૬ના નાણાંકીય વર્ષના પ્રથમ બે મહિના દરમ્યાન આઈઆઈપીનો નબળો દેખાવ આવનારા ખરાબ સમયના સંકેત આપી જાય તેવો છે. વિકાસદર અને રોજગારીના મામલામાં ચાવીરૂપ રહેતા ઉદ્યોગ ક્ષેત્રના નબળા દેખાવે સ્વાભાવિક રીતે ચિંતા જગાવી છે. આગામી સમયમાં આર્થિક સુધારાના નવા તબક્કાની વાત હોય કે વિશ્વના દેશો સાથે ભારે મહત્ત્વના વેપાર કરારની તૈયારી હોઈ સરકારે ભારે સાવધાની સાથે આગળ વધવાની જરૂરત રહેશે. વાસ્તવિકતા એ છે કે, પીએલઆઈ જેવી યોજનાઓ અને મેક ઈન ઈન્ડિયા જેવા પ્રોત્સાહનોથી ઉદ્યોગ ક્ષેત્રે જોઈએ એવો વેગ આવી શક્યો નથી. આવા કપરા સંજોગોમાં ભારતના ઉદ્યોગ જગત માટે કરવેરામાં સુધારાની સાથોસાથ નવાં રોકાણ માટે વધુ પ્રોત્સહન આપવની તાતી જરૂરત છે. તાજેતરના સમયમાં સરકારે અંદાજપત્રીય ફાળવણીમાં ઉદ્યોગ ક્ષેત્ર તરફ ઓછું ધ્યાન આપવાનું શરૂ કર્યું હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ રહ્યું છે. ખરેખર તો મોટા ઉદ્યોગોની સાથોસાથ લઘુ અને મધ્યમ એકમોને વિકાસ માટે ખાસ પ્રોત્સાહિત કરવા પર ધ્યાન આપવાની અનિવાર્યતા આઈઆઈપીના આંકડાએ છતી કરી છે.

## તા.૦૩.૦૭.૨૦૨૫ ના રોજ...

# નિફટી ફયુચર ૨૫૬૭૬ પોઈન્ટ ઉપરતેજી તરફી ધ્યાન..!!!

**બીએસઇ સેન્સેક્સ:** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૮૩૪૦૯ સામે ૮૩૫૪૦ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૮૩૧૮૬ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો... દિવસ દરમ્યાન સરેરાશ ૬૬૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૩૨૩૯ પોઈન્ટ બંધ થયેલ..!!!

**નિફટી ફયુચર:** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફટી ફયુચર આગલા બંધ ૨૫૫૪૬ સામે ૨૫૫૫૧ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેસીફીક ઘટાડો નોંધાવી ૨૫૪૮૫ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફટી ફયુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૧૮૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફયુચર ૩૭ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૫૦૮ પોઈન્ટ બંધ થયેલ..!!!

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...**

ચોમાસાની સારી પ્રગતિ છતાં અમેરિકા સાથે ટ્રેડ ડિલ મામલે ફરી અનિશ્ચિતતાએ આજે સપ્તાહના ચોથા કારોબારી દિવસે ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ રહ્યું હતું. ભારત અને અમેરિકા વચ્ચે થનારી ટ્રેડ ડિલ માટે બન્ને દેશો વચ્ચે કૃષિ સહિતના કેટલાક ક્ષેત્રો મામલે સહમતી ન હોવાના અને આ ડિલ પાર પડશે કે નહિ એની અનિશ્ચિતતાને લઈ ભારતીય શેરબજારમાં દરેક ઉછાળે સાવચેતીએ શેરોમાં ઈન્ડેક્સ બેઝડ નરમાઈ રહી હતી.

ટ્રમ્પની ટ્રેડ ડિલ કેવી હશે અને ભારત પર ૨૬% જેટલી ટેરિફ લાદવામાં આવી શકે છે એવા અહેવાલ વચ્ચે અનિશ્ચિતતા અને ઈરાને તેના ત્રણ પરમાણું મથકો પર અમેરિકાએ નષ્ટ કર્યાના દાવાના ફગાવી દેતાં અને ઈરાન ટૂંક સમયમાં ન્યુક્લિયર બોમ્બ બનાવી લેશે એવા અહેવાલોએ બજારમાં ઘટાડાનો માહોલ જોવા મળ્યો હતો.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, અમેરિકાના આર્થિક ડેટા અપેક્ષા કરતા સારા રહેતા ડોલરમાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો, જ્યારે ઓપેક તથા સાથી દેશોની રવિવારે મળી રહેલી મીટિંગ તથા ટેરિફ લાગુ થવાની ૯ જુલાઈની તારીખ નજીક આવી રહી છે તે પૂર્વે ક્રુડ ઓઈલના ભાવ પણ સ્થિર જળવાઈ રહ્યા હતા.

સેક્ટર મુવમેન્ટ... બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૦૬% ઘટીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૪૭% વધીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ, કંઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો, એનર્જી, એફએમસીજી, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી, કેપિટલ ગુડ્સ અને આઈટી વધ્યા હતા, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૧૬૮ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૦૦૧ અને વધનારની સંખ્યા ૨૦૦૯ રહી હતી, ૧૫૮ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૧૦ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બીએસઈ સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે મારુતિ સુઝુકી ૦.૯૮%, ઈન્ફોસિસ ટેક્નોલોજી ૦.૫૧%, એશિયન પેઈન્ટ્સ ૦.૪૪%, એનટીપીસી ૦.૩૬%, હિંદુસ્તાન યુનિલિવર ૦.૩૬%, ઈટર્નલ ૦.૩૫%, ટાટા મોટર્સ અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૨૯% વધ્યા હતા, જ્યારે કોટક બેન્ક ૧.૯૧%, બજાજ ફિનસર્વ ૧.૩૫%, બજાજ ફાઈનાન્સ ૧.૩૦%, અદાણી પોર્ટ્સ ૦.૮૦%, ટાઈટન ૦.૭૬%, ટ્રેન્ટ ૦.૭૬%, સ્ટેટ બેન્ક ૦.૭૫%, ટીસીએસ લિ. ૦.૬૬%, ભારતી એરટેલ ૦.૫૯% અને એચસીએલ ટેક્નોલોજી ૦.૪૩% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝડ સેન્સેક્સ, નિફટી ફયુચરમાં ઘટાડા સાથે મીડકેપ શેરોમાં વેચવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકિત્રત માર્કેટ કેપિટલાઈઝેશન ૦.૪૫ લાખ કરોડ ઘટીને ૪૬૦.૩૧ લાખ કરોડ રહ્યું હતું. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૧૨ કંપનીઓ વધી અને ૧૮ કંપનીઓ ઘટીહતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, વૈશ્વિક સ્તરે અનપ્રેડિક્ટેબલ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફનું શસ્ત્ર ઊગામતા રહી વૈશ્વિક બજારોમાં ઉથલપાથલ સર્જી રહ્યા છે. ટેરિફવોરને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં અનિશ્ચિતતાનું વાતાવરણ છે. પરંતુ આ વાતાવરણમાં ભારતીય અર્થતંત્ર મજબૂતાઈ બતાવી રહ્યું છે. ભારતના ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રો સાથે સંબંધિત ઘણા સૂચકાંકો સારી ગતિથી વધી રહ્યા છે, જો કે વૈશ્વિક અર્થતંત્રનું ચિત્ર હજુ પણ અસ્પષ્ટ છે કારણ કે સમગ્ર વિશ્વમાં નીતિગત ફેરફારો થઈ રહ્યા છે અને ઘણા જોખમો હજુ પણ બાકી છે.

આરબીઆઈ દ્વારા સિસ્ટમમાં લિક્વિડિટી વધારવાની અને એના થકી ધિરાણ વૃદ્ધિને મહત્ત્વ આપીને લેવાયેલા નિર્ણયોથી બજારમાં પણ તેજીને વેગ મળતો જોવાયો છે. સાથે દેશમાં ફુગાવામાં ઘણી રાહત મળી છે અને તે ૨૦૨૫-'૨૬માં નિર્ધારિત લક્ષ્યની આસપાસ રહી શકે છે. આ વર્ષે રવિ પાક સારો રહેવાની અને સામાન્ય કરતાં સારા ચોમાસાની અપેક્ષા છતાં હજુ વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાનો દૌર કાયમ રહેવાની શક્યતાએ આગામી દિવસોમાં ભારતીય શેરબજારમાં ઈન્ડેક્સ બેઝડ અફડાતફડી સાથે દરેક ઉછાળે સાવચેતી જરૂરી બની રહેશે.

રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®
www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
+91 99390 80808

## એકવાર નારદજીએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો હતો

# માણસ નિર્ભય તો ત્યારે જ હોય છે જ્યારે તે સત્યના માર્ગે હોય




## હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં વર્ણવેલ મુખ્ય પંદર શ્રાપ..

ભાગ-૩

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં અનેક વરદાન અને શ્રાપોનું વર્ણન જોવા મળે છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ કોઈને કોઇ વાર્તા અને કારણ હોય છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ ભવિષ્યમાં ઘટનાર ઘટના કારણભૂત હોય છે. નિરાકાર પ્રભુ પરમાત્માને સંતપ્રેમ આકાર આપે છે. નિર્ગુણ નિરાકાર પરમાત્મા સંતોભક્તો માટે સગુણ સાકાર બને છે, પરમાત્મા ધરતી ઉપર નિરાકારમાંથી સાકાર થાય છે.

રામચરીત માનસમાં ભગવાન શ્રીરામના અવતાર લેવાના પાંચ કારણ બતાવ્યા છે એમાંનું ભગવાનના અવતાર લેવાનું ત્રીજું કારણ એકવાર નારદજીએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો હતો તે કથા કહેતાં ભગવાન શંકર પાર્વતીજીને કહે છે કે નારદ શ્રાપ દીન્હ એકબાર.. એકવાર નારદજીએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો હતો. આ સાંભળતાં માતાજીને નવાઈ લાગી કે પ્રભુ નારદજી તો વિષ્ણુભક્ત છે, જ્ઞાની છે. ભગવાને નારદજીનો એવો કયો અપરાધ કર્યો કે નારદજી જેવા સંતે એમને શ્રાપ આપ્યો? અને પરિણામે ભગવાને મનુષ્ય થવું પડ્યું? ત્યારે ભગવાન શિવે ભવાનીને કહ્યું કે દેવી! તમે નારદજીને જ્ઞાની ગણો છો એ તમારી મોટી ભૂલ છે. આ જગતમાં કોઈ જ્ઞાની નથી અને કોઈ મૂરખ નથી. ભગવાન શિવે બહુ સાચી વાત કહી છે. ઈશ્વર જ્યારે જેને જેવો બનાવે ત્યારે તે તેવો બની જાય છે. જો માણસો ખરેખર જ્ઞાની હોય તો એ કોઈ દિવસ ખોટાં કામ કરે જ નહીં અને દુનિયામાં બધા મૂઢ હોય તો કોઈ દિવસ એનાથી સારાં કામ થાય નહી પણ ઈશ્વર જ્યારે જેવો જીવને બનાવે ત્યારે તેવો બને છે. વિશ્વામિત્ર જેવા હજારો વર્ષની સાધના પછી પણ એક મિનિટમાં મેનકાની પાછળ મૂઢ બની જાય છે અને રત્નાકર જેવો લૂંટારો નારદજીના સત્સંગમાં આવીને વાલ્મિકી ઋષિ બની જાય તો કોન જ્ઞાની? કોણ મૂઢ?





ભગવાન શિવ કહે છે કે તમારા જ્ઞાની ગુરૂદેવ નારદજીએ કેટલી મોટી ભૂલ કરી તેની કથા સાંભળો. એકવાર નારદજી હિમાલયની તળેટીમાં ફરતા હતા. એક સુંદર આશ્રમ જોયો. નારદજીને એમ લાગ્યું કે હું ખુબ ફર્યો હવે એક જગ્યાએ બેસીને સાધના કરૂં તેમ વિચારી આશ્રમમાં બેસીને હરિનું સ્મરણ કરવા લાગ્યા. હરિનું સ્મરણ કરીને નારદજીએ જ્યાં શરૂઆત કરી ત્યાં દક્ષ રાજાનો શ્રાપ તૂટી ગયો, નહીંતર દક્ષનો નારદજીને શ્રાપ હતો કે તમે એક જગ્યાએ નહી બેસી શકો, તમે સતત ભટકતા જ રહેશો પણ આજે હરિનું સુમિરણ કર્યું તો શ્રાપગતિ કુંઠિત થઈ ગઈ અને નારદજીને સમાધિ લાગી ગઈ. નારદજી અખંડ ધ્યાનમાં લીન બની ગયા. હવે નારદજીને સમાધિમાં બેઠેલા જોઈનેદેવરાજ ઈન્દ્રને ચિંતા થવા લાગી. ઈન્દ્રને થયું કે નારદજી કોઈ દિવસ સમાધિમાં બેસે નહી અને આ ઓચિંતા ધ્યાનમાં બેસી ગયા, એ નક્કી મારૂં ઈન્દ્રાસન લઈ લેશે.

તુલસીદાસે લખ્યું છે કે દુનિયામાં જેટલા કામી અને લોભી હોય એ બધાથી ડરતા હોય છે. બહારથી ભલે ગમે તેમ બોલે પણ કામી અને લોભી નિર્ભિક હોતા નથી એ બધાથી ડરતા હોય છે. નિર્ભય તો માણસ સત્યના માર્ગે હોય ત્યારે જ હોય છે. ઈન્દ્રને ગભરામણ થાય એટલે પછી વિક્ષેપ કરવાની તૈયારી કરે છે. નારદજી કાંઈ એની ગાદી માટે થોડા તપ કરતા હતા? પણ કૂતરૂં હાડકું મોઢામાં લઈને ફરતું હોય અને ઓચિંતો સિંહ દેખાય એટલે કૂતરૂં હાડકું લઈને ભાગે, એને એમ કે આ સિંહ મારા મોઢામાંથી હાડકું લઈ લેશે. કૂતરાને ખબર નથી કે સિંહ બીજાનું મારેલું ન ખાય. આવી રીતે કોઈ સાધના કરે ત્યારે ઈન્દ્રરૂપી કૂતરાને પોતાનું ગાદીરૂપી હાડકું બચાવવાની ઈચ્છા થાય એટલે તેમને કામદેવને બોલાવ્યા. કામદેવ અપ્સરાઓ લઈને આવે છે. નારદજીની ચારે બાજુ નૃત્ય શરૂ કર્યું પણ જેની રક્ષા ખુદ રામ કરે તેમને વિચલિત કરી શકાતો નથી એટલે કામદેવે ફુલનો હાર લઈ નારદજીને પહેરાવ્યો, દંડવત્ પ્રણામ કર્યા અને પછી વખાણ કર્યા કે તમે જીતેન્દ્રિય, સંતશિરોમણી છો. જ્યાં વખાણ કર્યા ત્યાં ધીરેધીરે આંખ ખુલી. વખાણમાં બહુ તાકાત હોય છે. નારદ જેવાને ડોલાવી દે તો હું અને તમે કંઈ ગણતરીમાં? શિવે કામને જોયો અને ગુસ્સો આવ્યો, નારદજીને ગુસ્સો ન આવ્યો. દુર્ગુણ ઉપર ક્રોધ કરવો જોઈએ. બધાએ સન્માન કર્યું તેથી નારદજીને અહંકાર આવ્યો કે મેં કામને જીત્યો, હું શિવ કરતાં આગળ નીકળી ગયો. નારદજીને થયું કે મેં કામ જીત્યો અને બધા મારા વખાણ કરે છે પણ આ ખબર કોઈએ શિવને આપ્યા કે નહી? અને કોઈએ ન આપ્યા હોય તો હું જાતે ખબર આપવા જાઉં. નારદજી જાતે કૈલાશ ખબર આપવા જાય છે. ભગવાન શિવ જાતે આવકારવા ગયા. તેમને ખબર પડી ગઈ કે નારદજી અત્યારે બિમાર છે. તેમને આસન આપ્યું, પૂજા કરીને પુછ્યું કે ઘણા દિવસ પછી આપના દર્શન થયા એટલે નારદજીએ કહ્યું કે આપને કંઈ ખબર નથી મળ્યા? હું હિમાલયની ગુફામાં સાધના કરતો હતો ત્યાં કામદેવ આવ્યો પણ કાંઈ કરી શક્યો નહીં. હું કામ વિજેતા છું. શિવ સમજી ગયા કે આને બિમારી લાગુ પડી છે. શિવજીને એમ કે મારા આંગણે આવ્યા છે તો રામકથા કહેશે પણ નારદજીએ તો કામકથા શરૂ કરી. શિવે કહ્યું કે આપ તો બ્રહ્મચારી સંયમી છો કામદેવ શું કરી શકે પણ એક વિનંતી કે આ કામના વિજયની કથા મને સંભળાવી તે ભગવાન વિષ્ણુને ન સંભળાવશો. શિવે નારદજી ના હિતની વાત કરી પણ નારદજીએ તેનો ખોટો અર્થ કર્યો. શિવ કરતાં હું આગળ નીકળી ગયો તે એમને ગમ્યું નથી તેથી ના પાડી હતી. નારદજી હરિગુણ ગાતાં ગાતાં ક્ષીરસાગરમાં ભગવાન વિષ્ણુ પાસે જાય છે. અહમ્‌નો નિયમ છે તમે જ્યાં ના પાડો ત્યાં પહેલું જાય છે. ભગવાન વિષ્ણુએ સત્કાર કર્યો અને કહ્યું કે ઘણા દિવસે દયા કરી, હમણાં તો આપનાં દર્શન થતાં નથી. જ્યાં વિષ્ણુ ભગવાને આવો પ્રશ્ન પુછ્યો એટલે નારદે ચાલુ કર્યું. હમણાં મને સમય જ ક્યાં હતો? અને શંકરજીએ ના પાડી હતી છતાં કામદેવની કથા ચાલુ કરી. ભગવાન હસવા લાગ્યા અને કહ્યું કે આપ તો સંત છો તમોને કામદેવ શું કરી શકે?

ધન્ય છે એવા સંતોને કે જે પોતાના ગુણોના વખાણ સાંભળે ત્યારે એને એમ લાગે કે મને કોક ગાળો આપે છે, આવી ભૂમિકા આવે ત્યારે પ્રભુની નજીક જવાય છે. ભગવાન સમજી ગયા કે નારદજીના મનમાં અહંકાર આવી ગયો છે અને તે વધી જશે તો સંતનું અકલ્યાણ થશે. તેમનું હિત થાય અને મને કૌતુક થાય એવી લીલા કરૂં. નારદજીએ વિદાય લીધી અને ભગવાને નારદજીના માર્ગમાં ચારસો ગાઉના પ્રદેશમાં માયાવી નગરી બનાવી. શીલનિધિ નામના રાજાને બેસાડ્યો, એની કન્યા તરીકે પોતાની માયાને કહ્યું કે તૂં પોતે વિશ્વમોહિની રૂપ ધારણ કરીને જા. અનેક રાજા-મહારાજા બનાવ્યા. અદ્‌ભૂત રૂપ લઈને વિશ્વમોહિની આવી અને એનો સ્વયંવર થાય આવું બધું ઉભું કર્યું. નારદજી ત્યાંથી નીકળ્યા. તેમને થયું આ નગર કોનું? આટલા બધા રાજાઓ? આ બધું શું છે? પુછતાં પુછતાં તે શીલનિધિના ઘેર ગયા. રાજાએ તેમનો સત્કાર કરી પોતાની પૂત્રી બતાવી કે આ મારી કન્યા વિશ્વમોહિની છે, તેનો કાલે સ્વયંવર છે. તે જેને પસંદ કરશે તેના ગળામાં જયમાળા પહેરાવશે.અમારા સદભાગ્ય કે આવા શુભ પ્રસંગે આપ પધાર્યા છો તો મારી પુત્રીનું ભાગ્ય જોઈ આપો કે એનું નસીબ કેવું છે?

વિશ્વમોહિનીને જોઈને નારદજીને આકર્ષણ થયું કે આવી કન્યા મને મળે તો મારે લગ્ન કરવા છે. વિચારો બદલાયા. કોણ જ્ઞાની કોણ મૂઢ? તેમને કન્યાના હાથનો સ્પર્શ થતાં મોહથી ભરાઈ ગયું અને હાથના બદલે ચહેરો જોવા લાગ્યા. નારદજી વિચારે છે કે આને જે પરણશે તે ચૌદ બ્રહ્માંડનો અધિપતિ થશે, આને જે પરણશે તેને ઘડપણ નહી આવે, તેનું મૃત્યુ નહી થાય, તેને જગતમાં કોઈ જીતી નહી શકે. હકીકતમાં હસ્તરેખામાં એવું હતું કે ચૌદ બ્રહ્માંડનો અધિપતિ હશે તે આને પરણશે પરંતુ નારદજી અવળું વાંચે છે અને નારદજી વિદાય લે છે. જંગલમાં જઈ નારદજી વિચારે છે કે આ કન્યાને પરણવા રૂપ જોઈએ અને તે માટે ભગવાન વિષ્ણુને યાદ કર્યા કે તરત તે પ્રગટ થયા તો નારદજીએ તેમનું રૂપ માંગ્યું. ભગવાનેકહ્યું કે આપનું પરમ હિત થાય એમ જ કરીશ. નારદજીને ભ્રમ થયો કે હું વિષ્ણુ જેવો રૂપાળો થઈ ગયો. સ્વયંવરમાં દાખલ થતાં જ તમામ રાજાઓને નારદજી દેખાયા એટલે તમામે ઉભા થઈ અભિવાદન કર્યું. નારદજી પ્રથમ હરોળમાં જ બેસી ગયા. શિવના બે ગણો બ્રાહ્મણના વેશમાં ફરતા હતા તેમને બધા ભેદની ખબર હતી એટલે નારદજી સાંભળે તેમ અંદરોઅંદર ચર્ચા કરી નારદજીના વખાણ કરવા લાગ્યા.

વિશ્વમોહિની વરમાળા લઈને નીકળ્યાં ત્યારે તેને નારદજીનો ચહેરો વાનર જેવો લાગ્યો તેથી તેમની સામે તો ના જોયું પણ તેમની લાઈનમાં બેઠેલા રાજાઓ સામે પણ ના જોયું અને મધ્યભાગમાં ભગવાન વિષ્ણુ રાજકુમારનું રૂપ લઈને બેઠા હતા તેમને વરમાળા પહેરાવી દીધી. શંકરજીના ગણોથી રહેવાયું નહી તેથી કહ્યું કે તમે ગામ બહારના તળાવમાં મોઢું જુઓ. નારદજીએ તળાવમાં પોતાનું મોઢું જોયું તો વાનર જેવું! તેથી શિવગણોએ મશ્કરી કરી તેથી તેઓને રાક્ષસ બનવાનો શ્રાપ આપ્યો અને ભગવાન વિષ્ણુએ મારી આ દશા કરી છે, મેં આખી જીંદગી તેમના નામનું સ્મરણ કર્યું છતાં મારી આવી દશા કરી છે હવે વિષ્ણુ મળે તો કાં તો એ નહી કે કાં હું નહી. ભગવાને લીલા કરવી હતી એટલે વિશ્વમોહિની તથા માતા લક્ષ્મી સાથે સામા જ મળ્યા અને નારદજીનો ક્રોધ બેકાબૂ બન્યો અનેકહ્યું કે તારા જેવો જગતમાં કોઇ સ્વાર્થી, કુટિલ, કપટી, ધોખેબાજ નથી તેવી ગાળો બોલે છે અને ભગવાન હંસે છે ત્યારે નારદજીએ શ્રાપ આપ્યો કે તમારે ત્રેતા યુગમાં મનુષ્યનો અવતાર લેવો પડશે, તમે વિશ્વમોહિનીના વિયોગમાં મને તડપાવ્યો છે એટલે વિયોગનું દુઃખ શું હોય છે તેનો જાત અનુભવ થાય તે માટે તમારી પત્નીને કોઈ લઇ જશે ત્યારે એના વિયોગમાં તડપશો, મને વાનરની આકૃતિ આપીને મને જગતમાં મશ્કરીને પાત્ર બનાવ્યો છે તેથી જ્યારે તમે માનવ અવતાર લેશો ત્યારે વાનર રીંછ સિવાય કોઈ તમોને મદદ નહી કરેઆ મારો શ્રાપ છે. ભગવાને નારદના ચારેય શ્રાપ મસ્તકે લગાડી માયા ખેંચી લીધી તો નથી નગર, નથી વિશ્વમોહિની કે નથી લક્ષ્મીજી. ફક્ત ભક્ત અને ભગવાન છે. નારદજીના મનમાંથી માયા ગઈ તો સભાન થઈ ગયા. ભગવાનના ચરણોમાં પડી માફી માંગી અને કહ્યું કે હું જે કંઈ ગાળો બોલ્યો, શ્રાપ આપ્યા તે ખોટું છે. ત્યારે ભગવાને હંસીને કહ્યું કે મારી ઈચ્છાથી આ બધું થયું છે. ભગવાને કહ્યું કે ભગવાન શંકરના નામનો જપ કરો જેથી વિશ્રામ મળશે. શિવગણોએ મશ્કરી કરી હતી તેમને નારદજીની માફી માંગી. સંતને દયા આવી અને કહ્યું કે તમારે રાક્ષસ તો બનવું પડશે પણ મારો આર્શીવાદ છે કે તમે મહાન રાક્ષસ બનશો અને તમોને મારવામાટે પરાત્પર બ્રહ્મને હાથે તમારૂં મૃત્યુ થશે.

# તા.૦૪.૦૭.૨૦૨૫ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડિંગ...

●તા.૦૩.૦૭.૨૦૨૫ના રોજ નિફટી ફયુચર બંધ ભાવ @ ૨૫૫૦૮ પોઈન્ટ : આગામી સંભવિત નિફટી ફયુચર ૨૫૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૦૮ પોઈન્ટના અતિ મહત્ત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે ૨૫૪૩૪ પોઈન્ટ થી ૨૫૩૭૩ પોઈન્ટ આસપાસ અતિ મહત્ત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફટી ફયુચર ૨૫૬૭૬ પોઈન્ટ નજીક સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી જોઈએ....!!!

**હવે જોઈએ સ્ટોક સ્પેસિફિક રેન્જ મૂવમેન્ટ**

● સન ફાર્મા (૧૬૮૦): ફાર્મા સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૩૦ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૯૯ થી રૂ.૧૭૦૭ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૭૨૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

● હેવેલ્સ ઈન્ડિયા (૧૫૮૧): કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરના આ સ્ટોક રૂ.૧૫૫૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૫૩૦ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૫૯૭ થી રૂ.૧૬૦૬ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

● રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૫૨૪): રૂ.૧૪૯૦નો પ્રથમ તેમજ રૂ.૧૪૭૭ બીજા સપોર્ટથી રીફાઈનરી એન્ડ માર્કેટિંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૫૩૭થી રૂ.૧૫૫૦ આસપાસ તેજી તરફી રુખ નોંધાવે તેવી શક્યતા છે...!!

● એક્સિસ બેન્ક (૧૧૭૫): પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટ્રેડિંગલક્ષી રૂ.૧૧૮૮ થી રૂ.૧૧૯૪ના ભાવ સપાટીની રેન્જ મુવમેન્ટ ધરાવે છે!! અંદાજીત રૂ.૧૧૩૦નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

● જેએસડબ્લ્યૂ સ્ટીલ (૧૦૪૭): રૂ.૦૧ની ફેસવેલ્યુ ધરાવતા આયર્ન એન્ડ સ્ટીલ સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૦૧૭નાં સ્ટ્રોંગ સપોર્ટને ધ્યાને લઈ તેજી તરફી રૂ.૧૦૬૪ થી ૧૦૭૦ આસપાસ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

● ઈન્ફોસિસ લિ. (૧૬૨૨): ટેક્નિકલ ચાર્ટ મુજબ કમ્પ્યુટર્સ સોફટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૪૪ આસપાસ વેચવાલી થકી રૂ.૧૫૯૭થી રૂ.૧૫૮૫ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડિંગલક્ષી રૂ.૧૬૫૦નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

● અદાણી પોર્ટ્સ (૧૪૩૭): રૂ.૧૪૭૪ આસપાસ ઓવરબોટ પોઝિશનની શકયતાએ આ સ્ટોક રૂ.૧૪૮૦ના સપોર્ટ તબક્કાવાર રૂ.૧૪૧૭ થી રૂ.૧૪૦૪ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!


●આઈસીઆઈસીઆઈ બેન્ક (૧૪૩૫): પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૪૮૦ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૪૦૮થી રૂ.૧૩૯૩ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

● ઓરબિંદો ફાર્મા (૧૧૬૫): ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૧૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૪૪ થી રૂ.૧૧૨૫ના ભાવ સપાટી આસપાસ ટ્રેડિંગ રેન્જ ધરાવે છે. ટ્રેડિંગલક્ષી રૂ.૧૨૦૩નો સપોર્ટ ધ્યાને લેવો...!!!

● ટાટા કેમિકલ (૯૪૮) : રૂ.૯૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન સ્થિતિ નોંધાવતા આ સ્ટોક રૂ.૯૮૪ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૯૩૩ થી રૂ.૯૧૯નો ભાવ આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૯૯૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**ડિસ્કલેમર/પોલીસી/શરતો www.nikhilbhatt.inને આધીન...!!!**

**સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્કલેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.**




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 09.06.2025 TO 13.06.2025 | 25096.30 | 25205.00 | 25307.00 | 24575.30 | 24727.40 | -368.90 |
| 16.06.2025 TO 20.06.2025 | 24727.40 | 24755.50 | 25137.00 | 24735.00 | 25111.70 | 384.30 |
| 23.06.2025 TO 27.06.2025 | 25111.70 | 24975.00 | 25772.30 | 24825.00 | 25750.20 | 638.50 |
| 30.06.2025 TO 03.07.2025 | 25750.20 | 25765.00 | 25792.40 | 25480.00 | 25508.60 | -241.60 |

# સ્પોર્ટ્સ ન્યૂઝ

## વીડિયો વાયરલ થતા ફેન્સ ભડક્યા

# શુભમન ગિલની વિકેટ લેવા ઈંગ્લેન્ડના બોલરે કરી બેઈમાની

**ઇંગ્લેન્ડના બોલર બ્રાઇડન કાર્સે ગિલને આઉટ કરવા માટે એક હલકુ કૃત્ય કર્યું હતું, પરંતુ ગિલે તેની બેઇમાની પકડી લીધી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બર્મિંગહામ, તા.૦૩ :** ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બર્મિંગહામના એજબેસ્ટન ક્રિકેટ ગ્રાઉન્ડ પર બીજી ટેસ્ટ રમાઈ રહી છે. પહેલા દિવસે શુભમન ગિલે શાનદાર સદી ફટકારી હતી, તે પહેલા યશસ્વી જયસ્વાલ (૮૭) એ પણ સારી શરૂઆત આપી હતી પરંતુ તે પોતાની ઈનિંગ્સને સદીમાં ફેરવી શક્યો ન હતો. મેચ દરમિયાન, ઈંગ્લેન્ડના બોલર બ્રાઈડન કાર્સે ગિલને આઉટ કરવા માટે એક હલકુ કૃત્ય કર્યું હતું, પરંતુ ગિલે તેની બેઈમાની પકડી લીધી હતી.

ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતની શરૂઆત સારી નહોતી, કેએલ રાહુલ ૨ રન બનાવીને આઉટ થયો હતો. આ પછી, યશસ્વી જયસ્વાલ અને કરુણ નાયર વચ્ચે ૮૦ રનની ભાગીદારી થઈ. ગિલ પહેલા સત્રમાં જ બેટિંગ કરવા આવ્યો હતો, બીજા સત્રમાં તેણે જયસ્વાલ સાથે મળીને ઈંગ્લેન્ડના બોલરોને બરાબરના ફટકાર્યા હતા. આ દરમિયાન, બ્રાઈડન કાર્સે બેઈમાની કરી હતી.

આ ૩૪મી ઓવર છે, બ્રાઈડન કાર્સ બોલ ફેંકવા આવી રહ્યો હતો અને શુભમન ગિલ બેટિંગ કરી રહ્યો હતો. પરંતુ રન-અપ દરમિયાન, તેણે ડાબી આંગળીથી બીજી દિશામાં ઈશારો કર્યો. આ કદાચ બેટ્સમેનનું ધ્યાન ભટકાવવા માટે હતું, તમને યાદ હશે કે આન્દ્રે રસેલે IPL ૨૦૧૪ માં શેન વોટસન સાથે આવું જ કંઈક કર્યું હતું. જોકે, કેપ્ટન ગિલે કાર્સની આ બેઈમાની પકડી, તેણે બોલને રમ્યો નહીં અને બોલ ફેંકાતા પહેલા પાછળ હટી ગયો. ગુસ્સે ભરાયેલા ગિલે બોલરને કંઈક કહ્યું પણ ખરા. વિડિઓમાં, તમે જોઈ શકો છો કે કાર્સે તેને આઉટ કરવા માટે કેવી રીતે સસ્તી યુક્તિનો આશરો લેવાનો પ્રયાસ કર્યો. વીડિયો સામે આવ્યા બાદ ફેન્સ ભડક્યા હતા. શુભમન ગિલે પહેલા દિવસે પોતાની સદી પૂર્ણ કરી, આ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની ૧૬મી અને ૭મી ટેસ્ટ સદી છે.

# ૮૭ રન ફટકારી જયસ્વાલે ૫૧ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



**જયસ્વાલ પાસે સૌથી ઝડપી ૨૦૦૦ રન પૂરા કરનાર ભારતીય બનવાની તક હતી, પરંતુ તે થોડા અંતરથી ચુક્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**એજબેસ્ટન, તા.૦૩ :** યશસ્વી જયસ્વાલે ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ઓપનર તરીકે બર્મિંગહામના એજબેસ્ટનમાં સૌથી મોટો સ્કોર બનાવીને ઈતિહાસ રચી દીધો છે. આ સિદ્ધિ તેણે ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચના પહેલા દિવસે હાંસલ કરી. ભારત આ મેચમાં લીડ્સના હેડિંગ્લેમાં મળેલી પાંચ વિકેટની હારમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યું છે. ૨૩ વર્ષીય ડાબોડી બેટ્સમેન જયસ્વાલે ૧૩ ચોગ્ગાની મદદથી ૧૦૭ બોલમાં ૮૭ રન બનાવ્યા. લંચ પછીના સત્રમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે તેને આઉટ કર્યો.

આ પહેલા આ રેકોર્ડ સુધીર નાઈકના નામે હતો, તેણે જુલાઈ ૧૯૭૪માં ઈંગ્લેન્ડના કેપ્ટન માઈક ડેનેસ સામે ૧૬૫ બોલમાં ૭૭ રન બનાવ્યા હતા. જયસ્વાલ પાસે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦૦ રન પૂરા કરનાર ભારતીય બનવાની તક હતી, પરંતુ તે થોડા અંતરથી ચૂકી ગયો. જો તે બીજી ઈનિંગમાં ૧૦૨ન બનાવે, તો તે વીરેન્દ્ર સેહવાગ અને રાહુલ દ્રવિડના રેકોર્ડની બરાબરી કરી શકે છે, જેમણે ૪૦ ઈનિંગમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. પહેલી ટેસ્ટમાં જયસ્વાલે ૧૫૯ બોલમાં ૧૬ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૧૦૧ રન બનાવ્યા હતા. તે ઈનિંગમાં પણ તેને બેન સ્ટોક્સે જ આઉટ કર્યો હતો. જોકે, બીજી ઈનિંગમાં તે માત્ર ૪ રન બનાવીને બ્રાયડન કાર્સના બોલ પર આઉટ થઈ ગયો હતો. લીડ્સ ટેસ્ટ દરમિયાન જયસ્વાલે ચાર સરળ કેચ છોડી દીધી હતી, જેની મેચ પર મોટી અસર પડી. આવી સ્થિતિમાં તે આ ટેસ્ટમાં બેટિંગની સાથે-સાથે ફિલ્ડિંગમાં પણ સુધારો કરવાનો પ્રયાસ કરશે.

**બર્મિંગહામ ટેસ્ટમાં ભારતીય ઓપનર દ્વારા બનાવવામાં આવેલા ટોપ સ્કોર**

- યશસ્વી જયસ્વાલ – ૮૭ રન (૨૦૨૫)
- સુધીર નાઈક - ૭૭ રન (૧૯૭૪)
- સુનીલ ગાવસ્કર - ૬૮ રન (૧૯૭૯)
- ચેતેશ્વર પુજારા – ૬૬ રન (૨૦૨૨)
- સુનીલ ગાવસ્કર - ૬૧ રન (૧૯૭૯)

## IPLમાં રાજસ્થાન રોયલ્સની ટીમનો હતો ભાગ

# સ્પોટ ફિક્સિંગમાં જેલ ગયેલો ક્રિકેટર બન્યો મુંબઈનો કોચ

**IPLમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમનાર ભૂતપૂર્વ બોલર અંકિત ચૌહાણને જવાબદારી સોંપવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૩ :** મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) દ્વારા તેના તમામ સપોર્ટ સ્ટાફના નામ જાહેર કરવામાં આવ્યા છે. MCAએ અંડર-૧૪ ટીમના મુખ્ય કોચ તરીકે IPLમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમનાર ભૂતપૂર્વ બોલર અંકિત ચૌહાણની પસંદગી કરી છે. MCAના આ નિર્ણય પર સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

અંકિત ચવ્હાણ એ ૩ ખેલાડીઓમાંનો એક છે જેમને ૨૦૧૩માં IPL દરમિયાન સ્પોટ ફિક્સિંગના આરોપસર જેલ મોકલવામાં આવ્યા હતા. શ્રીસંત અને તેની સાથે અજિત ચૌહાણ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. અજિત ચૌહાણ પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. BCCIએ બાદમાં આ સમયગાળો ઘટાડીને ૭ વર્ષ કર્યો હતો. બે વર્ષ પછી તેને વ્યાવસાયિક ક્રિકેટમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી. અંકિતે કર્ણાટક સ્પોર્ટ્સ ક્લબ માટે મુંબઈમાં ક્લબ ક્રિકેટ રમી અને બાદમાં તેની લેવલ-૧ કોચિંગ પરીક્ષા પાસ કરી. તેની કારકિર્દીમાં અંકિતે ૧૩ IPL મેચ રમી. આ ઉપરાંત તેણે મુંબઈ માટે ૧૮ ફર્સ્ટ ક્લાસ મેચ અને ૨૦ લિસ્ટ છ મેચ પણ રમી.

એમસીએએ આગામી ૨૦૨૫/૨૬ સ્થાનિક સિઝન માટે ઓમકાર સાલ્વીને મુંબઈની સિનિયર પુરુષ ટીમના મુખ્ય કોચ તરીકે જાળવી રાખ્યા છે. એમસીએએ જણાવ્યું હતું કે સંજય પાટિલ સિનિયર પુરુષ પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે. મુંબઈએ ૨૦૨૪/૨૫ સ્થાનિક સિઝનમાં સાલ્વીના કોચિંગ હેઠળ ૨૭ વર્ષના અંતરાલ પછી ઈરાની કપ જીત્યો હતો. આ ઉપરાંત, તેઓએ રણજી ટ્રોફીની સેમિફાઇનલમાં પ્રવેશ મેળવતા પહેલા સૈયદ મુશ્તાક અલી ટ્રોફી પણ જીતી હતી. સાલ્વી આઈપીએલ ૨૦૨૫ વિજેતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના બોલિંગ કોચ પણ હતા.

## ઘાનાની સંસદમાં બોલ્યા વડાપ્રધાન મોદી

# ભારત બનશે દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર

**ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે : એક એવી ભૂમિ જે લોકશાહી, ગૌરવ અને સ્થિતિસ્થાપકતાની ભાવનાને ફેલાવે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અકરા, તા.૦૩**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસ પર છે. બુધવારે (બીજી જુલાઈ) તેમના પ્રવાસના પહેલા પડાવ ઘાના પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગુરુવારે (ત્રીજી જુલાઈ) ઘાનાની સંસદને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજે આ પ્રતિષ્ઠિત ગૃહને સંબોધિત કરીને હું ખૂબ જ સન્માનિત અનુભવું છું. ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે. એક એવી ભૂમિ જે લોકશાહી, ગૌરવ અને સ્થિતિસ્થાપકતાની ભાવનાને ફેલાવે છે.

ભારતના અર્થતંત્ર અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આફ્રિકા સાથેની અમારી વિકાસ ભાગીદારી માંગ આધારિત છે. ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. અમે પહેલાથી જ વૈશ્વિક વિકાસમાં લગભગ ૧૬% યોગદાન આપી રહ્યા છીએ. અમારો વસ્તી વિષયક લાભાંશ ફળદાયી સાબિત થઈ રહ્યો છે, જે એક ગતિશીલ અર્થતંત્રને આગળ ધપાવી રહ્યો છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું ઘર છે. અમે નવીનતા અને ટૅક્નોલૉજી માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યા છીએ, અને ગર્વથી વિશ્વની ફાર્મસી તરીકે ઓળખાય છે. ભારતીય મહિલાઓ વિજ્ઞાન, ઉડ્ડયન અને રમતગમતમાં અગ્રણી છે. ભારત ચંદ્ર પર ઉતર્યું છે.

ઘાનાની સંસદમાં પીએમ મોદીએ કહ્યું કે, વિશ્વના સૌથી મોટા લોકશાહીના પ્રતિનિધિ તરીકે, હું ૧.૪ અબજ ભારતીયો વતી હાર્દિક શુભેચ્છાઓ અને સદ્ભાવના લઈને આવ્યો છું. જ્યારે આપણે ઘાના તરફ જોઈએ છીએ, ત્યારે આપણે એક એવો રાષ્ટ્ર જોઈએ છીએ જે હિંમત સાથે ઊભો છે. એક એવો રાષ્ટ્ર જે દરેક પડકારનો ગૌરવ અને શિષ્ટાચાર સાથે સામનો કરે છે. સમાવિષ્ટ પ્રગતિ પ્રત્યેની તમારી પ્રતિબદ્ધતાએ ઘાનાને ખરેખર સમગ્ર આફ્રિકન ખંડ માટે પ્રેરણાનું કેન્દ્ર બનાવ્યું છે.

અગાઉ, પીએમ મોદીએ ઘાનાની ધરતી પર મળેલા ઉષ્માભર્યા સ્વાગત બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કહ્યું કે, રાષ્ટ્રપતિ પોતે ઍરપોર્ટ પર આવ્યા તે તેમના માટે ખૂબ જ સન્માનની વાત છે. ભારત-ઘાના મિત્રતાના કેન્દ્રમાં આપણા સહિયારા મૂલ્યો, સંઘર્ષ અને સમાવિષ્ટ ભવિષ્ય માટેના સહિયારા સપના છે, જેણે અન્ય દેશોને પણ પ્રેરણા આપી છે.

## મોદીએ આ સન્માન ભારતના નાગરિકોને સમર્પિત કર્યું

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘાનાનું રાષ્ટ્રીય સન્માન મળ્યું

**ઘાનાના રાષ્ટ્રપતિએ મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાથી સન્માનિત કર્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અકરા, તા.૦૩**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ઘાના પહોંચ્યા હતા. રાજધાની અકરામાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ મહામાએ વડાપ્રધાન મોદીને ઘાના દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સન્માન ભારતના નાગરિકોને સમર્પિત કર્યું હતું. આ તકે તેમણે તેને ગર્વની ક્ષણ ગણાવી અને કહ્યું કે, હું તેને પ્રાપ્ત કરીને ખૂબ જ સન્માનિત અનુભવું છું. જણાવી દઈએ કે, વડાપ્રધાનના કાર્યકાળ દરમિયાન, મોદીને ૨૪ વૈશ્વિક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. અફઘાનિસ્તાન, રશિયા અને પેલેસ્ટાઇન જેવા ઘણા દેશોએ તેમને તેમના દેશના સર્વોચ્ચ પુરસ્કારોથી સન્માનિત કર્યા છે.



પીએમ મોદીને ઘાનાના રાષ્ટ્રપતિ મહામા દ્વારા તેમના દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધસ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. PMએ આ સન્માન માટે બધાનો આભાર માન્યો હતો. તેમણે સોશિયલ મીડિયા દ્વારા ઘાનાના લોકો અને સરકારનો આભાર માન્યો અને કહ્યું કે, ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાથી સન્માનિત થવું મારા માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે, આ સન્માન આપણા યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય, તેમની આકાંક્ષાઓ અને ભારત અને ઘાના વચ્ચેના ઐતિહાસિક સંબંધોને સમર્પિત છે. આ સન્માન ભારત અને ઘાના વચ્ચેની મિત્રતાનું પ્રતીક પણ છે. ભારત હંમેશા ઘાનાના લોકોની સાથે રહેશે.

ઘાનાનું આ સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત કર્યા પછી, વડા પ્રધાન મોદીને તેમના કાર્યકાળ દરમિયાન અત્યાર સુધીમાં ૨૪ વૈશ્વિક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ વિશે માહિતી આપતા ભાજપે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા જણાવ્યું હતું કે, ભારતના લોકો માટે આ વધુ એક ગર્વની ક્ષણ છે. તેમણે કહ્યું કે, વડા પ્રધાનને ઘાનાના સર્વોચ્ચ રાજ્ય સન્માન 'ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધસ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, આ પ્રતિષ્ઠિત સન્માન ફક્ત વડા પ્રધાન મોદીના વૈશ્વિક નેતૃત્વને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ વિશ્વ મંચ પર ભારતની વધતી ભાગીદારીને પણ વ્યાખ્યાયિત કરે છે.

આ વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઘાના ઉપરાંત સાયપ્રસ, શ્રીલંકા અને મોરેશિયસના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે પીએમ મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માન, ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ મેકરિયોસ III થી સન્માનિત કર્યા હતા. શ્રીલંકાએ પીએમ મોદીને મિત્ર વિભૂષણ મેડલથી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત, આ વર્ષે વડા પ્રધાન મોદી મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં ગયા હતા, જ્યાં તેમને મોરેશિયસનો સર્વોચ્ચ પુરસ્કાર 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ ઈન્ડિયન ઓશન' એનાયત કરવામાં આવ્યો હતો. જણાવી દઈએ કે, વડા પ્રધાન મોદી બે દિવસની મુલાકાતે ઘાના પહોંચ્યા હતા. ઘાનાના એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘાનાના લોકો મોદીને મળવા માટે ખૂબ જ ઉત્સુક દેખાતા હતા. મોદીનું સન્માન કરવા માટે લાખો લોકો ઉમટી પડ્યા હતા. ભારત માતા કી જયના નારા દરેક જગ્યાએ સંભળાયા હતા. પીએમ મોદીએ ઘાનાના લોકોનો આટલા ભવ્ય સ્વાગત માટે આભાર માન્યો હતો.

## AIની એન્ટ્રીથી IT ક્ષેત્રમાં નોકરીઓના ફાંફા

# માઈક્રોસોફ્ટ નવ હજાર કર્મચારીઓની છટણી કરશે

**આ છટણીની સૌથી વધુ અસર સેલ્સ ડિવિઝન અને એક્સબોક્સ વીડિયો ગેમ બિઝનેસના કર્મચારીઓ પર જોવા મળશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૩**

તાજેતરના મહિનાઓમાં માઈક્રોસોફ્ટે બીજી વખત કર્મચારીઓની છટણીનો નિર્ણય લીધો છે. કંપનીએ આજથી કર્મચારીઓને આ અંગેની નોટિસ મોકલવાનું શરૂ કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, જ્યારથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ શરૂ થઈ ગયો છે ત્યારથી આઈટી જ નહીં પણ તમામ સેક્ટરની કંપનીઓના કર્મચારીઓની નોકરીઓ પર ખતરો તોળાઈ રહ્યો છે.

કંપનીએ ચોક્કસ કેટલા કર્મચારીઓને બરતરફ કરવામાં આવશે તેની માહિતી આપી નથી પણ એટલું જણાવ્યું છે કે બરતરફ કરવામાં આવનારા કર્મચારીઓની સંખ્યા ગયા વર્ષના કુલ કર્મચારીઓના ચાર ટકાથી ઓછી હશે. ગયા વર્ષે જૂનમાં માઈક્રોસોફ્ટના કુલ કર્મચારીઓની સંખ્યા ૨૨૮૦૦૦ હતી. જેના ચાર ટકા ગણવામાં આવે તો માઈક્રોસોફ્ટ ૯૦૦૦ કર્મચારીઓને બરતરફ કરશે. આ છટણીની સૌથી વધુ અસર સેલ્સ ડિવિઝન અને એક્સબોક્સ વીડિયો ગેમ બિઝનેસના કર્મચારીઓ પર જોવા મળશે.

ચાલુ વર્ષમાં માઈક્રોસોફ્ટે આ અગાઉ ત્રણ વખત કર્મચારીઓની છટણી કરી હતી. મે મહિનામાં માઈક્રોસોફ્ટે ૬૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા હતાં. જે તેના કુલ કર્મચારીઓના ૩ ટકા થાય છે. આ છટણી છેલ્લા બે વર્ષની સૌથી મોટી છટણી હતી. માઈક્રોસોફ્ટ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર મોટા પાયે રોકાણ કરી રહ્યું છે. જૂનમાં માઈક્રોસોફ્ટેના ૩૦૦ કર્મચારીઓની છટણી કરી હતી. આ છટણી રેડમોન્ડ અને વોશિંગ્ટન હેડ ક્વાર્ટરમાંથી કરવામાં આવી હતી. મે મહિનામાં પુગેટ સાઉન્ડ રિજિયનમાં ૨૦૦૦ કર્મચારીઓને દૂર કરવામાં આવ્યા હતાં.

માઈક્રોસોફ્ટે ૯૦૦૦ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા દિવસે કરી છે. રિપોર્ટ અનુસાર આ નિર્ણય કંપનીના રિસ્ટ્રક્ચરિંગ અને એઆઈમાં રોકાણનો ભાગ છે. આ નિર્ણય પ્રક્રિયાઓને સરળ બનાવવા અને મેનેજમેન્ટ લેયર્સ ઘટાડવા માટે છે.

માઈક્રોસોફ્ટના પ્રવક્તાએ જણાવ્યું છે કે, આ રિસ્ટ્રક્ચરિંગનો ભાગ છે. જો કે આ સમાચાર કર્મચારીઓ માટે મોટો આંચકો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટેક કંપનીઓમાં કર્મચારીઓની છટણીની લહેર જોવા મળી છે. જેમાં માઈક્રોસોફ્ટ જેવી દિગ્ગજ કંપનીઓ પણ બાકાત નથી. સાડા ત્રણ વર્ષમાં ૬.૫૦ લાખની નોકરી ગઈ! આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે આવી રહેલા મોટા ફેરફારોને કારણે આઈ.ટી. ઉદ્યોગમાં નોકરિયાતોને છૂટા કરવાનું પ્રમાણ વધી રહ્યું છે. સોફટવેર કે અન્ય કાર્યો માટે અગાઉની જરૂરિયાત કરતા હવે ૩૦ ટકા ઓછા કર્મચારીઓની જરૂર પડે છે.

# ભારત આવશે પાકિસ્તાની હોકી ટીમ, કેન્દ્ર સરકારે આપી મંજૂરી

**ખેલ મંત્રાલયે જણાવ્યું કે, અમે આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં કોઈપણ ટીમને ભારતમાં રમતા અટકાવવા માગતા નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૩**

પાકિસ્તાનની હૉકી ટીમ આગામી મહિને ભારતમાં યોજાનારા એશિયા કપમાં ભાગ લઈ શકશે. કેન્દ્રીય ખેલ મંત્રાલયના એક સુત્રે આ અંગે માહિતી આપી હતી. કેન્દ્ર સરકારે પાકિસ્તાનની હૉકી ટીમને એશિયા કપ અને જૂનિયર હૉકી વર્લ્ડ કપ રમવા ભારત આવવા મંજૂરી આપી છે.

ખેલ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, અમે કોઈ પણ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં કોઈપણ ટીમને ભારતમાં રમતા અટકાવવા માગતા નથી. પરંતુ દ્વિપક્ષીય મુકાબલાનો મામલો અલગ છે.

એશિયા કપ હૉકી ટૂર્નામેન્ટ ૨૭ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર દરમિયાન બિહારના રાજગીરમાં રમાશે. પહલગામ આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી સર્જાઈ હતી. જેના લીધે ભારતમાં યોજાનારા એશિયા કપ હૉકી ટૂર્નામેન્ટમાં પાકિસ્તાન ભાગ લેશે કે કેમ તે મુદ્દે મૂંઝવણ હતી. જો કે, કેન્દ્ર સરકાર તરફથી આ જાહેરાત બાદ આ મૂંઝવણ દૂર થઈ છે. એશિયા કપ ઉપરાંત નવેમ્બર-ડિસેમ્બરમાં રમાનારી જૂનિયર વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં પણ પાકિસ્તાનને ભાગ લેવા મંજૂરી આપી છે. હૉકી ઈન્ડિયાના સચિવ ભોલનાથ સિંહે પાકિસ્તાન ટીમની ભારતમાં એન્ટ્રી મુદ્દે જણાવ્યું હતું કે, અમે સરકારના નિર્દેશો અનુસાર કામ કરીશું. સરકાર જે નિર્ણય લેશે, તેનુ પાલન કરીશું. હૉકી ઈન્ડિયા કોઈપણ રાજકીય નિર્ણયોમાં દખલગીરી નહીં કરે.

## એસબીઆઈ આરકોમના લોન એકાઉન્ટને 'ફ્રોડ' જાહેર કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૩**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ નાણાકીય સંકટમાં ફસાયેલી ટેલિકોમ કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સના લોન ખાતાને 'ફ્રોડ' તરીકે વર્ગીકૃત કરવાનો તથા તેનો ભૂતપૂર્વ ડિરેક્ટર અનિલ અંબાણીનું નામ રિઝર્વ બેન્કને રીપોર્ટ કરવાનો નિર્ણય કર્યો છે. એસબીઆઈના આ નિર્ણયથી અનિલ અંબાણીની મુશ્કેલીમાં વધારો થશે.

રિલાયન્સ કોમ્યુનિકેશન્સે એક નિયમનકારી માહિતીમાં જણાવ્યું હતું કે, તેને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તરફથી ૨૩ જૂન, ૨૦૨૫એ આ અંગેનો એક પત્ર મળ્યો છે. રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ) અને તેની પેટાકંપનીઓને બેંકો પાસેથી કુલ રૂ.૩૧,૫૮૦ કરોડની લોન લીધેલી છે. બેન્કની ફ્રોડ આઈડેન્ટિફિકેશન કમિટીની તપાસમાં બહાર આવ્યું છે કે વિવિધ ગ્રુપ કંપનીઓનો ઉપયોગ કરીને લોનનો મૂળ સિવાયના બીજો કોઈ હેતુઓ માટે જ ઉપયોગ થયો હતો. કુલમાંથી રૂ.૧૩,૬૬૭,૭૩ કરોડની લોન અથવા ૪૪ ટકા લોનનો ઉપયોગ લોનના રિપેમેન્ટ અને બીજી નાણાકીય જવાબદારી માટે થયો હતો. આશરે ૪૧ ટકા લોનનો ઉપયોગ સંબંધિત પક્ષોને ચુકવણી કરવા માટે થયો હતો. અહીં ઉલ્લેખનીય છે કે, એક સમયે દેશની બીજા ક્રમની આ સૌથી મોટી ટેલિકોમ કંપની હાલમાં નાદારીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે.

નિયમનકારી માહિતીમાં જણાવ્યું હતું કે, દેના બેન્ક પાસેથી લેવામાં આવેલી રૂ.૨૫૦ કરોડની લોનનો પણ તેના મૂળ હેતુ તરીકે ઉપયોગ કરાયો ન હતો. આ લોનને ઈન્ટર કોર્પોરેટ ડિપોઝિટ (આઈસીડી) તરીકે રિલાયન્સ કમ્યુનિકેશન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ડાઈવર્ટ કરાઈ હતી.

## રશિયન નેવીના ડેપ્યુટી હેડ મિખાઇલ ગુડકોવનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૦૩**

રશિયાના રક્ષા મંત્રાલયે ગુરુવારે (૩ જુલાઈ) પુષ્ટિ કરી છે કે, TASS સરકારી સમાચાર એજન્સી અનુસાર રશિયાની નૌસેનાના ઉપપ્રમુખ મેજર જનરલ મિખાઈલ ગુડકોવનું રશિયાના કુર્સ્ક વિસ્તારમાં સરહદી ક્ષેત્રમાં મોત થયું છે. કુર્સ્કમાં યુક્રેનની સેના સામે લડાઈ લડનારી બ્રિગેડનું અગાઉ ગુડકોવ નેતૃત્વ કર્યું હતું.

ગુડકોવના મૃત્યુનો પ્રારંભિક અહેવાલ દૂર પૂર્વીય રશિયન ક્ષેત્રના ગવર્નર ઓલેગ કોઝેમ્યાકો તરફથી આવ્યો હતો, જેમણે ગુરુવારે તેની જાહેરાત કરી હતી. આ લેખ AI દ્વારા તૈયાર અને અનુવાદિત કરવામાં આવ્યો હતો. આ મામલે એક સંપાદક દ્વારા તેની સમીક્ષા કરવામાં આવી હતી.

# પાકિસ્તાનના અનેક સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૩**

ગુરુવારે એવા સમાચાર સામે આવ્યા છે કે બુધવારે કેટલાક એકાઉન્ટ્સ પરથી પ્રતિબંદ હટાવ્યા બાદ હવે ફરીથી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ભારતમાં પાકિસ્તાનના સેલેબ્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ ઉઠાવવાના સમાચારો વહેતા થયા બાદ ભારે હંગામો જોવા મળ્યો હતો. જેથી કરીને હવે ફરીથી પ્રતિબંધ લાગ્યો છે. જે સેલેબ્સના એકાઉન્ટ્સ પર આ કાર્યવાહી થઈ તેમાં માવરા હોકેન, યુમના જૈદી, હાનિયા આમિર અને ફવાદ ખાન જેવા મોટા નામ સામેલ છે. તેમના ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર (હવે એક્સ) એકાઉન્ટ્સને ભારતમાં ફરથી બ્લોક કરી દેવાયા છે. ઈન્ડિયા ટુડેમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ ભારતે ફરીથી પ્રતિબંધ લગાવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો બુધવારે અચાનક સમાચાર આવ્યા કે કેટલાક પાકિસ્તાની સેલેબ્સના એકાઉન્ટ્સ અને ચેનલો પરથી પ્રતિબંધ હટ્યો છે. માવરા હોકેન, યુમના જૈદી, અહદ રઝા મીર અને દાનિશ તૈમૂર જેવા સિતારોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ ભારતમાં ફરીથી દેખાવવા લાગ્યા હતા. આ ઉપરાંત કેટલીક યુટ્યુબ ચેનલ જેમ કે હ્યૂમ ટીવી અને એઆરવાય ડિજિટલ પણ અનબ્લોક થઈ ગયા હતા. પરંતુ આ સમાચાર સામે આવતા જ સોશિયલ મીડિયા પર હંગામો મચી ગયો.

અનેક ભારતીય યૂઝર્સે તેને લઈને નારાજગી વ્યક્ત કરી અને સરકારને સવાલ પૂછ્યો કે આખરે પ્રતિબંધ કેમ હટાવવામાં આવ્યો? કેટલાકે તેને પહેલગામ હુમલાના પીડિતો અને સેનાના જવાનોના બલિદાનનું અપમાન ગણાવ્યું.

લોકોની નારાજગી અને સવાલો વચ્ચે ગુરુવારે સરકારે ફરીથી આ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો. જો કે હજુ સુધી સરકાર તરફથી કોઈ અધિકૃત નિવેદન આવ્યું નથી કે આ પ્રતિબંધ કેમ હટાવવામાં આવ્યો અને ફરીથી કેમ લગાવવામાં આવ્યો. કેટલાક સૂત્રોનું કહેવું છે કે પ્રતિબંધ હટાવવાનો નિર્ણય એક રિવ્યૂ બાદ લેવામાં આવ્યો હતો, પરંતુ જનતાના ગુસ્સાને જોતા તેને તરત પાછો લાગૂ કરાયો.

સોશિયલ મીડિયા પર આ સમાચાર લઈને ભાત ભાતની પ્રતિક્રિયાઓ આવી રહી છે. કેટલાક લોકો તેને યોગ્ય પગલું ગણાવી રહ્યા છે. તો કેટલાકનું કહેવું છે કે સરકારે પોતાની નીતિ સ્પષ્ટ કરવી જોઈએ. એક યૂઝરે લખ્યું કે, પહેલા પ્રતિબંધ લગાવો, પછી લગાવો, આ શું મામલો છે? સરકારે ચોખ્ખુ જણાવવું જોઈએ કે પાકિસ્તાન સાથે આપણી શું પોલીસી છે? જ્યારે કેટલાક લોકો તેને ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવાની કોશિશ તરીકે પણ જોવામાં આવી રહી છે.

# ન્યૂજર્સી એરપોર્ટ પર ટેકઓફ સમયે અકસ્માતની ઘટના બની

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યૂજર્સી, તા.૦૩**

અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન અકસ્માતને હજુ એક મહિનો પણ વીત્યો નથી કે ત્યાં વધુ એક પ્લેન ક્રેશ થતા થતાં બચ્યું છે.

અમેરિકાના ન્યૂ જર્સી શહેરના એરપોર્ટ પર આ અકસ્માતની ઘટના સામે આવી. એવું કહેવાય છે કે લેન્ડિંગ દરમિયાન વિમાન પર પાઈલોટ કાબૂ ખોઈ બેઠા ને તે રનવે પર રોકાવવાની જગ્યાએ દીવાલ તોડીને બહાર નીકળી ક્રેશ થઈ ગયું. જો કે રાહતના સમાચાર એ રહ્યા કે પ્લેન ક્રેશ છતાં તેમાં આગ ન લાગી. પ્લેનને નુકસાન પહોંચ્યું પરંતુ ઈમરજન્સી ટીમોએ તરત જ ઘટનાસ્થળે પહોંચીને મુસાફરોને બહાર કાઢ્યા. પાંચ મુસાફરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

રિપોર્ટ્સમાં કહેવાયું છે કે, આ સ્કાઈડાઈવિંગ પ્લેન ગુરુવારે સવારે ન્યૂજર્સી એરપોર્ટ પર રનવેની બહાર નીકળી ગયું. તેમાં ૧૫ મુસાફરો સવાર હતા. ગ્લોસ્ટર કાઉન્ટી ઈમરજન્સી મેનેજમેન્ટે કહ્યું કે, મનુરો ટાઉનશિપના ક્રાસ કીઝ એરપોર્ટ પર ઈમરજન્સી એલર્ટ બાદ રાહત અને બચાવ કાર્ય ચલાવવામાં આવ્યું. પ્લેન ક્રેશ બાદ બહાર મેદાની વિસ્તારમાં ઝાડ નીચે ફસાઈ ગયું. સ્પીડ ધીરે ધીરે ઓછી થવાના કારણે તેને વધુ નુકસાન પહોંચ્યું નહીં.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને કહ્યું કે, તેમણે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. પ્લેન ક્રેશવાળી જગ્યાએથી ઘાયલોને સીધા હોસ્પિટલ લઈ જવાયા પરંતુ તેમની સ્થિતિ હજુ ગંભીર છે. ગત અઠવાડિયે ઓહિયોમાં પણ એક વિમાન દુર્ઘટના ઘટી હતી જેમાં છ મુસાફરો માર્યા ગયા હતા.

અકસ્મતામાં હજુ કોઈના મોતના સમાચાર નથી. પરંતુ એફએએનું કહેવું છે કે આ પ્લેન સ્કાઈડાઈવિંગ ગતિવિધિ સાથે જોડાયેલું છે. કદાચ મિકેનિકલ ફેલ્યોર, પાઈલોટની ભૂલ કે ખરાબ હવામાનના કારણે કોઈ ચૂક થઈ છે. ક્રોસ કીઝ એરપોટ પર પહેલા પણ અનેક વિમાન દુર્ઘટનાઓ થઈ છે. જેમાં ૧૯૮૬ની ઘટના લેન્ડિંગ વખતે ઓછો પ્રકાશ અને ૧૯૯૬ની ઘટના એન્જિન ફેઈલના કારણે થઈ હતી.

નોંધનીય છે કે, ૧૨ જૂનના રોજ અમદાવાદથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ૧૭૧ ટેકઓફ બાદ તરત ક્રેશ થયું હતું. તેમાં ૨૪૨માં ફક્ત એક મુસાફરને બાદ કરતા બાકી તમામ માર્યા ગયા હતા. સવા લાખ લીટર ઓઈલથી ભરેલું વિમાન રનવેના કેટલાક કિલોમીટર બાદ એક બિલ્ડિંગ પર જઈને તૂટ્યું હતું. મોટા ધડાકા સાથે લાગેલી આગમાં ૩૦ અન્ય લોકોના પણ મોત થયા હતા.

## ચીન બનાવી રહ્યું છે પેન્ટાગોન કરતાં પણ ૧૦ ગણું મોટું મિલિટરી શહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેઈજીંગ, તા.૦૩**

રશિયા-યુક્રેન, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અને ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. આ દરમિયાન ચીન પેન્ટાગોન કરતા ૧૦ ગણું મોટું મિલિટરી શહેર બનાવવાની તૈયારી કરી રહ્યું છે. એક અહેવાલ અનુસાર, ચીન બેઈજિંગ નજીક એક વિશાળ મિલિટરી શહેર બનાવી રહ્યું છે જે અમેરિકાના પેન્ટાગોન કરતા કદમાં દસ ગણું મોટું હોવાનું કહેવાય છે. તેને બેઈજિંગ મિલિટરી સિટી કહેવામાં આવી રહ્યું છે. તે બેઈજિંગ શહેરથી લગભગ ૩૨ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં સ્થિત છે. તેનો વિસ્તાર લગભગ ૪ કિલોમીટર પહોળો છે અને તેમાં એક બંકર પણ શામેલ છે, જેનો ઉપયોગ પરમાણુ યુદ્ધની સ્થિતિમાં કમાન્ડ સેન્ટર તરીકે થશે.

અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૨૨માં બેઈજિંગ નજીકના વિસ્તારોમાં રહેણાંક ઈમારતો અને ખુલ્લું મેદાન હતું, ૨૦૨૪ના મધ્ય સુધીમાં આખો વિસ્તાર સાફ કરી દેવામાં આવ્યો હતો અને બાંધકામનું કામ શરૂ થઈ ગયું હતું. હવે ત્યાં રસ્તાઓ અને ટનલનું આખું નેટવર્ક બનાવવામાં આવ્યું છે.

આ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર સખત પ્રતિબંધ છે. નજીકના હાઈકિંગ ટ્રેલ્સ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. ચીને અહીં કેમેરા કે કોઈપણ પ્રકારની દેખરેખ બંધ કરી દીધી છે. આ બધું દર્શાવે છે કે ચીન આ પ્રોજેક્ટને સંપૂર્ણપણે ગુપ્ત રાખવા માંગે છે.

ચીનનું નવું યુદ્ધ કમાન્ડ સેન્ટર જૂના વેસ્ટર્ન હિલ્સ કમાન્ડ સેન્ટરનું સ્થાન લઈ શકે છે. નિષ્ણાતો માને છે કે ચીનના પ્રમુખ શી જિનપિંગના નેતૃત્વમાં ચીન ઝડપથી તેના પરમાણુ હથિયારની તાકાત વધારી રહ્યું છે અને આગામી દાયકામાં તે અમેરિકાની બરાબરી કરી શકે છે અથવા તેને પાછળ છોડી શકે છે. ઉલ્લેખનીય છે કે, શું વિશ્વ ત્રીજા વિશ્વયુદ્ધ તરફ આગળ વધી રહ્યું છે? ચીનની આ પ્રવૃત્તિએ વૈશ્વિક સુરક્ષા નિષ્ણાતો, ગુપ્તચર એજન્સીઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયની ચિંતાઓને વધુ ઘેરી બનાવી દીધી છે.

# ગિલે મેદાનની ચારે બાજુ શોટ મારીને બેવડી સદી ફટકારી

### આ સાથે ગિલે વિરાટ કોહલી, સુનિલ ગાવસ્કાર, મોહમ્મદ અઝરુદ્દીન અને રાહુલ દ્રવિડનો રેકોર્ડ પણ તોડ્યોઃ શુભમન ગિલે ધરાશાયી કર્યો ૩૫ વર્ષ જૂનો રેકોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા) **બર્મિંગહામ, તા.૦૩:** ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝ ભારતીય ટીમ માટે મુશ્કેલ માનવામાં આવી રહી હતી. પ્રવાસ પહેલા રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. સિલેક્ટર્સે યુવા શુભમન ગિલને ટેસ્ટ ટીમનો કેપ્ટન બનાવવાનો નિર્ણય લીધો. આ ખેલાડીએ સતત બંને મેચમાં સદી ફટકારીને પોતાની ક્ષમતા સાબિત કરી બતાવી.

લીડ્સમાં સદી ફટકાર્યા પછી બર્મિંગહામમાં પોતાના ટેસ્ટ કરિયરની સૌથી મોટી ઈનિંગ રમી નાખી. ગિલે અંગ્રેજ બોલર્સની જોરદાર ધોલાઈ કરી છે. તેણે મેદાનની ચારે બાજુ શોટ ફટકારી બેવડી સદી ફટકારી ઈતિહાસ રચ્યો છે. જ્યારે શુભમન ગીલે ૨૦૦ રન નોંધાવ્યા ત્યારે ભારતનો સ્કરો છ વિકેટે ૪૭૨ રન હતો. આ પહેલા ઓપનિંગમાં આવેલા યશસ્વી જયસ્વાલે ૮૭ રન, કે.એલ.રાહુલે બે રન, કરુણ નાયરે ૩૧ રન, રિષભ પંતે ૨૫ રન, નિતિશ કુમાર રેડ્ડીએ ૧ રન, રવિન્દ્ર જાડેજાએ ૮૯ રન નોંધાવ્યા હતા. આ સાથે ગિલે વિરાટ કોહલી, સુનિલ ગાવસ્કાર, મોહમ્મદ અઝરુદ્દીન અને રાહુલ દ્રવિડનો રેકોર્ડ પણ તોડ્યો છે.

બીજી ટેસ્ટ મેચના પહેલા દિવસે શુભમન ગિલ ૧૧૪ રન બનાવીને અણનમ રહ્યો હતો. બીજા દિવસે પણ તે સારી બેટિંગ કરી રહ્યો છે. તેણે ખરાબ બોલનો ખૂબ લાભ લીધો. જ્યારે સારા બોલને સન્માન આપ્યું. તેણે બેવડી સદી પૂરી કરી અને ૨૨૯ રન સાથે ક્રિજ પર હાજર છે. ભારતીય ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આવું પહેલીવાર થયું છે, જ્યારે કોઈ ભારતીય ટેસ્ટ કેપ્ટને ઈંગ્લેન્ડની ધરતી પર બેવડી સદી ફટકારી હોય. ગિલ પહેલા કોઈ પણ ભારતીય ટેસ્ટ કેપ્ટન ઈંગ્લેન્ડમાં બેવડી સદી ફટકારી શક્યો નહોતો. તેની પહેલા મોહમ્મદ અઝહરૂદ્દીને વર્ષ ૧૯૯૦માં ઈંગ્લેન્ડમાં ૧૭૯ રનની ઈનિંગ રમી હતી. હવે ગિલે તેનો રેકોર્ડ પણ ધરાશાયી કરી નાખ્યો છે.

ભારતીય ટીમ માટે કેપ્ટન શુભમન ગિલે અત્યાર સુધી ઈંગ્લેન્ડના પ્રવાસમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટની પહેલી ઈનિંગમાં સદી ફટકારી અને હવે બીજા મુકાબલામાં રમતા પહેલી ઈનિંગમાં પોતાના ટેસ્ટ કરિયરનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. પહેલા દિવસે ટોસ હાર્યા પછી ભારતીય ટીમ બેટિંગ કરવા ઉતરી તો




તેની શરૂઆત ખૂબ જ ખરાબ થઈ. ૧૫ રન પર પહેલી વિકેટ પડી અને પછી ૯૫ રન પર બીજી વિકેટ ગુમાવી દીધી. શુભમન ગિલે ઈંગ્લેન્ડ સામે બીજી ઈનિંગમાં સદી ફટકાર્યા પછી પોતાની ઈનિંગને આગળ વધારતા મોટું કામ કરી બતાવ્યું. ટેસ્ટ મેચમાં અત્યાર સુધી ક્યારેય આ ખેલાડીએ ૧૫૦ રન નથી બનાવ્યા, તેમનો સવર્શ્રેષ્ઠ સ્કોર ૧૪૭ રનનો હતો. મેચના બીજા દિવસે પહેલા સેશનમાં શુભમન ગિલે ટેસ્ટમાં પોતાનો શ્રેષ્ઠ સ્કોર બનાવ્યો. આ સાથે તે ભારત તરફથી ૧૫૦ રન બનાવનાર બીજા કેપ્ટન બન્યો. મોહમ્મદ અઝહરુદ્દીનએ ૧૯૯૦માં માનચેસ્ટરમાં ૧૭૯ રનની ઈનિંગ રમી હતી. શુભમન ગીલ આજે રમતના બીજા દિવસે ૩૦ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૩૮૭ બોલમાં ૨૬૯ રન બનાવીને જોશ ટંગની ઓવરમાં ઓલી પોપના હાથે ઝીલાતા આઉટ થયો હતો.




**સુનિલ શેટ્ટીએ પરેશ રાવલ ફિલ્મમાં પાછા ફરવા પર ખુશી વ્યક્ત કરી**

# મેં પણ સાંભળ્યું કે હવે અમારું ફાઇન ટ્યુનિંગ થઈ ગયું છે : સુનિલ શેટ્ટી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૩**

'હેરા ફેરી ૩'માંથી પરેશ રાવલની એક્ઝિટ આ ફિલ્મના દરેક ચાહક માટે એક મોટો આંચકો હતી. થોડાં વખત પહેલાં પરેશ રાવલે એક ઈન્ટરવ્યુમાં તેઓ બાબુ રાવનો રોલ કરીને અને એમાં એક કલાકાર તરીકે કશું નવું ન મળતાં કંટાળ્યા હોવાનું અને આ રોલ તેમના માટે ગળાનો ફંદો બની ગયો હોવાની વાત કરી હતી. તેમણે એવું પણ કહ્યું હતું કે તેઓ આ રોલની છાપમાંથી બહાર નીકળવા માટે કેટલાક ડિરેક્ટરને નવી ફિલ્મ બનાવવા માટે મળ્યા પણ હતા. છતાં તેમણે જ્યારે આ ફિલ્મ છોડી ત્યારે ઘણાને ખરાબ લાગ્યું હતું.

પરેશ રાવલ પર અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસે નુકલાનીનો દાવો પણ માંડ્યો હતો. બંને કોર્ટમાં લડત માટે તૈયાર થઈ ગયા હતા. બીજી તરફ બાબુ રાવનો રોલ પંકજ ત્રિપાઠી કે સંજય મિશ્રામાંથી કોણ કરશે, તેની પણ ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ત્યારે પરેશ રાવલે જ્યારે ફરી ફિલ્મમાં જોડાયાની વાત કરી ત્યારે આ ફેન્ચાઈઝીની ફિલ્મના દરેક ચાહકને આનંદ થયો હતો અને તેઓ ફરી ઉત્સાહમાં આવી ગયા હતા. તેણે કહ્યું હતું કે, એકસાથે ઘણા ક્રિએટીવ લોકો ભેગાં થાય તો ઘણી વખત ફાઈન ટ્યુનિંગ થવામાં વાર લાગે છે. પ્રિયદર્શનની આ ફિલ્મમાં અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનિલ શેટ્ટીની ત્રિપુટી ફરી જોવા મળશે. ત્યારે હવે સુનિલ શેટ્ટીએ આ અંગે ખુશી વ્યક્ત કરી છે.

તાજેતરમાં સુનિલ શેટ્ટી સાઈ બાબાના દર્શને શિરડી ગયા હતા. ત્યારે એક ઈન્ટરવ્યુમાં સુનિલ શેટ્ટીએ પરેશ રાવલના પાછા ફરવા પર ખુશી વ્યક્ત કરતા કહ્યું, "હું પણ સાંભળું છું કે ફાઈન ટ્યુનિંગ થઈ ચુકી છે. હવે તો ફિલ્મની રિલીઝ પછી જ વાત કરીશ, એના પહેલાં હેરા ફેરી વિશે વાત જ નહીં કરું." ફિલ્મ વિશે વાત કરતા સુનિલ શેટ્ટીએ જણાવ્યું કે, હેરા ફેરી ૩માં તેનો આત્મા જળવાઈ રહેશે. આ ફિલ્મ એવી હશે, જે બધાં એકસાથે બેસીને જોઈ શકે અને કોઈ ચિંતા વિના એકસાથે ખુલીને હસી શકે. સુનિલે કહ્યું, "આગળના બે ભાગની જેમ આ ફિલ્મ પણ એક પારિવારિક ફિલ્મ હશે, જે તમને હસાવશે અને તમે કોઈ ખચકાટ વિના પરિવાર સાથે બેસીને આ ફિલ્મ માણી શકશો. આ પરિવારની ફિલ્મ છે. આ એવી ફિલ્મ છે, જો એક વાર તમે ટીવી ચાલુ કરો તો તમને ટેન્શન યાદ પણ નહીં આવે, તમને કોઈની સામે શરમ નહીં આવે. તમને ખબર છે કે લોકો માત્ર હસવાના જ છે. છૂપાઈને ટીવી કે ફોન જોવાની જરૂર નહીં પડે. પરિવારથી છુપાઈને કંઈ જોવું પડશે નહીં." ફિલ્મમાં પાછા ફરવા અંગે પરેશ રાવલે પણ એક ઈન્ટરવ્યુમાં જ વાત કરી હતી, તેમણે અક્ષય કુમાર અને પ્રિયદર્શનના વખાણ કરતા કહ્યું, "ના કોઈ વિવાદ નથી. જ્યારે લોકોને કોઈ વાત બહુ ગમે તો તમારી જવાબદારી પણ વધી જતી હોય છે, તમારે વધારે મહેમત કરવી પડે છે. બીજું કશું નહીં. હવે બધા પ્રશ્નોનું નિરાકરણ આવી ગયું છે. બધા ક્રિએટીવ લોકો છે અને ક્યારેક કલાકારોને ફાઈન ટ્યુનિંગની જરૂર પડે છે, એ હવે થઈ ગયું છે." તેમણે છેલ્લે કહ્યું હતું, ઓલ ઈઝ વેલ.

## રાજકુમાર રાવ અને માનુષીની જોડી 'માલિક'ને ફળશે?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૩**

રાજકુમાર રાવ એકધારા રોલ કરી રહ્યો છે અને તેની પ્રતિભા સામાન્ય રોલ કરવામાં વેડફાઈ રહી હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલતી હતી. હવે તેની એક નવી ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે. 'માલિક'માં તે એક ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં આવ્યો છે, આ એક થ્રિલર ફિલ્મ છે. આ ફિલ્મથી રાજકુમારના ફેન્સે આશા છે કે તે સાબિત કરી દેશે કે રાજકુમાર કોઈ પણ રોલ કરી શકે છે. મોટા પડદાં પર તેનું અત્યાર સુધીનું સૌથી મજબુત પાત્ર જોવા મળશે.

ટ્રેલર પરથી લાગે છે કે આ ફિલ્મમાં રાજકુમારનું પાત્ર એ 'એનિમલ'ના રણબીર કપૂર અને 'રઈસ'ના શાહરુખનું મિશ્રણ છે. અદાભરી ચાલ, મજબુત અને ધારદાર ડાયલોગ્ઝ રાજકુમાર એવી રીતે રજુ કરે છે કે જાણે જોવા વાળાને કંપારી છુટી જાય. આ ટ્રેલર એક જોરદાર ડાયલોગ સાથે શરૂ થાય છે, જેમાં રાજકુમાર ફિલ્મમાં તેના પિતા સાથે વાત કરી રહ્યો છે. એ કહેતો હોય છે, "મજબૂર બાપ કા બેટા હૈ, કિસ્મત થી હમારી. પર આપકો મજબુત બેટા કા બાપ બનના પડેગા, કિસ્મત હૈ આપકી." ભરપુર આત્મવિશ્વાસ અને સરળતાથી તે બંદૂક પકડીને ઉભો છે અને પછી ગોળી ચલાવે છે અને પછી ચાલી નીકળે છે. એમાં જ એ દર્શકોનાં દિલ જીતી ગયો હોય એવું લાગે છે. વધી ગયેલી દાઢી અને મૂછ તેના પર બહુ સારી લાગે છે. એવું લાગે છે કે દર્શકો તેના આ દેસી અવતારનાં પ્રેમમાં પડી જશે. આ ફિલ્મમાં બ્યુટી ક્વીન માનુષી છિલ્લર અને રાજકુમાર રાવની જોડી છે, આ જોડી પણ દર્શકો માટે બિલકુલ નવી છે. આ જોડી પણ ઘણી તાજગીસભર લાગે છે, તો આ જોડી શું લાવે છે, તે જોવામાં પણ ઘણાને રસ છે. પહેલી વખત માનુષી ગ્લેમરસ નહીં, પણ કોઈ દેસી અવતારમાં જોવા મળશે. આ ફિલ્મમાં અલાહાબાદનાં એક ગેંગ્સ્ટરની વાત છે, જે ધીરે ધીરે અન્ડરવર્લ્ડની દુનિયામાં પોતાનું સ્થાન બનાવે છે. ક્રાઈમ, થ્રિલર અને રોમાન્સ ધરાવતી કુમાર તોરાની અને શેવાક્રમણીની આ ફિલ્મ ૧૧ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે, જેમાં આ બે કલાકારો સાથે પ્રોશોનજીત ચેટર્જી પણ છે.

**દિલજિતે પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો**

# 'બોર્ડર ૨'માં હાજરી કન્ફર્મ કરવા દિલજીતે વીડિયો દર્શાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૩**

જ્યારથી દિલજિત દોસાંજની 'સરદાર ૩' આંતરરાષ્ટ્રિય સ્તરે રિલીઝ થઈ અને ભારતમાં તેની રિલીઝ અટકાવી દેવાઈ ત્યારથી આ ફિલ્મના કારણે વિવાદ થયો છે. તેમાં ખાસ તો દિલજિત અને તેની દેશભક્તિ અંગે પણ સોશિયલ મીડિયા પર ઘણા સવાલ ઉઠ્યા છે. આગળ જ્યારે ફિલ્મ આર્ટિસ્ટની એક સમિતિએ માત્ર તેનો વિરોધ જ નહીં પણ પાકિસ્તાની એક્ટ્રેસ સાથે કામ કરવા બદલ દિલજિત પર પ્રતિબંધ મુકવાની પણ માગ કરી હતી. તેના પર પ્રતિબંધની માગણી અને વિરોધના પગલે 'બોર્ડર ૨' જેવી સેના આધારીત અને દેશભક્તિની ફિલ્મમાંથી દિલજિતને કાઢવાની પણ વાત હતી. આથી પણ આગળ વધીને એવી ચર્ચા શરૂ થઈ ગઈ હતી કે દિલજિતને આ ફિલ્મમાંથી કાઢીને હવે તેના બદલે એમી વિર્કને લેવાયો છે. પરંતુ હવે દિલજિતે માત્ર એક જ સોશિયલ મીડિયા પોસ્ટથી આ બધી ચર્ચાઓને અફવા સાબિત કરી દીધી છે.



આ પંજાબી ગાયક અને અભિનેતા દિલજિતે પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેને ફિલ્મમાંથી કાઢ્યો હોવાની બધી જ વાત ખોટી સાબિત થઈ. તેણે ઈન્સ્ટાગ્રામ પર ઈન્ડિયન એરફોર્સના યુનિફોર્મમાં 'બોર્ડર ૨'ના સેટ પરથી એક બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યો છે. જેની કેપ્શનમાં માત્ર એટલું લખ્યું છે, 'બોર્ડર ૨'. આ વીડિયોમાં ફિલ્મનું સૌથી યાદગાર અને લોકપ્રિય ગીત 'સંદેસે આતે હૈ' પણ બેકગ્રાઉડમાં સંભળાય છે.

વીડિયોમાં દિલજિત વેનિટી વાનમાંથી નીકળીને સેટ પર જતો દેખાય છે, જ્યાં બીજા કેટલાંક કલાકારો તેને નમસ્તે કહીને તેનું સ્વાગત કરે છે. આ એક ગીતનું શૂટિંગ હતું, જેમાં દિલજિત અન્ય કલાકારો સાથે ડાન્સ કરતો પણ દેખાય છે. આ ફિલ્મમાં દિલજિતની પસંદગી ઈન્ડિયન એર ફોર્સ ઓફિસર નિર્મલ જીત સિંઘ સિખોંના રોલમાં છે. જેઓ એક માત્ર એરફોર્સ ઓફિસર છે, જેમને ૧૯૭૧ના યુદ્ધ પછી શ્રીનગર એર બેઝ પર એકલા હાથે લડવા બદલ પરમવીર ચક્ર મળ્યું છે. તેની પાર્ટનરના રોલમાં સોનમ બાજવાને લેવાઈ છે. આ ફિલ્મમાં પણ સની દેઓલ લીડ રોલમાં છે.

આ સિવાય 'બોર્ડર ૨'માં વરુણ ધવન અને અહાન શેટ્ટી પણ મહત્વના રોલમાં છે. કેસરી ફિલ્મ ફેમ ડિરેક્ટર અનુરાગ સિંગ આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે તેમજ જે પી દત્તા, નિધિ દત્તા અને ભુષણ કુમાર પ્રોડ્યુસ કરે છે. આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે.

# કોઈ અમને ઓળખી ન શકે એવી જગ્યાએ ફરવા જવું છે : સલમાન

### આમિર અને સલમાને પણ છેક ૧૯૯૪માં 'અંદાઝ અપના અપના'માં કામ કર્યું હતું, પરંતુ આમિર અને શાહરુખે ક્યારેય સાથે કામ કર્યું નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૦૩**

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની ખાન ત્રિપુટી અને તેમની વચ્ચેની દોસ્તીની હંમેશા ચર્ચા થતી રહે છે, તેમના એકસાથે કાસ્ટિંગ અંગે પણ ઘણા ફેન્સ માગણી કરતા રહે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પણ આમિરે ખાને કહ્યું હતું કે, તેઓ ત્રણેય એકબીજાના ઘેર બેઠક કરતા હોય છે. ત્યારે હવે સલમાને એવું કહ્યું છે કે તેઓ ત્રણેય એકસાથે ફરવા જવાનું આયોજન કરી રહ્યા છે. તેના માટે તેઓ કોઈ એવી જગ્યાની શોધમાં છે, જ્યાં તેમને કોઈ ઓળખે નહીં.

તાજેતરમાં સલમાન ખાન નેટફ્લિક્સ પર કપિલ શર્માના શોમાં આવ્યો હતો. તેમાં સલમાને જણાવ્યું હતું કે, ખરેખર તો આમિરનો આ વિચાર હતો કે તે સલમાન અને શાહરુખ સાથે ક્યાંક જવા માગે છે, જ્યાં તેમને કોઈ ઓળખે નહીં. કપિલ શર્માને આ અંગે વાત કરતા સલમાને કહ્યું, "શાહરુખ, હું અને તેણે સાથે કોઈ એકાદી ટ્રીપ કરવી જોઈએ. તો અમે કંઈક વિચારી રહ્યા છીએ. એક એવી જગ્યા, જ્યાં અમને કોઈ ઓળખે નહીં." જોકે, આ શો પર જજ તરીકે રહેતી અર્ચના પુરણસિંહે આ પ્રકારના કોઈ પ્લાન અંગે શંકાઓ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, "મને નથી લાગતું આ ગ્રહ પર આવી કોઈ જગ્યા હોય." તેણે કહ્યું હતું કે આ ત્રણ સ્ટાર દુનિયાભરમાં જાણીતા છે. સલમાને ત્રણેય સાથે કોઈ ફિલ્મમાં કામ કરવાના હોવાની ચર્ચાઓ અંગે પણ વાત કરી હતી.

કપિલે આમિરના તાજેતરના ત્રણેયની સાથે ફિલ્મ કરવા અંગેની વાત વિશે પણ સમાનને પૂછ્યું હતું કે, તેઓ સાથે એક ફિલ્મમાં કામ કરવા માગે છે, તેમની શું ઈચ્છા છે અને તેના માટે યોગ્ય સ્ક્રીપ્ટ મેળવવામાં તેમની સામે શું પડકારો છે. આ અંગે સલમાને બેફિકરો જવાબ આપ્યો હતો, "એમને પ્રયત્ન કરવા દો. જ્યારે થશે ત્યારે થશે." સલમાને આમિરના ૬૦મા જન્મ દિવસના કાર્યક્રમ અંગે પણ વાત કરી હતી. તે એ વખતે આ પ્રકારની ફિલ્મ અંગે ઘણો ઉત્સાહીત હતો. કારણ કે આમાં માત્ર જુના દિવસો યાદ કરવાની વાત નથી પરંતુ ત્રણે ખાને ક્યારેય સાથે કામ નથી કર્યું એ હકિકત પણ છે.

આમિર અને સલમાને પણ છેક ૧૯૯૪માં 'અંદાઝ અપના અપના'માં કામ કર્યું હતું, પરંતુ આમિર અને શાહરુખે ક્યારેય સાથે કામ કર્યું નથી. જો શાહરુખ અને સલમાનની વાત કરવામાં આવે તો, તેઓ બંને 'કરણ અર્જૂન', 'કુછ કુછ હોતા હૈ', 'હમ તુમ્હારે હે સનમ' અને છેલ્લે ૨૦૨૩માં 'પઠાણ'માં સાથે કામ કરી ચૂક્યા છે.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આમિરે પણ કહ્યું હતું કે, ત્રણેયને અનુકૂળ આવે એવી ફિલ્મની સ્ક્રિપ્ટ મળવી એક ખરો પડકાર છે. છતાં આ ત્રણેય ક્યારેક સાથે કામ કરશે એ બાબતે સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેન્સમાં આશા અને ઉત્સુકતા બંને છે, દરેકને લાગે છે કે આવી ફિલ્મ બને તો એ એક ઐતિહાસિક ફિલ્મ હશે.

# કેનેડાની ધરતી પર ગણેશ પૂજા સાથે રામ કથાનો શુભારંભ કરતા કથાકાર પ્રફુલભાઈ શુકલ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

આજે બુધવારના પવિત્ર દિવસે કેનેડાની ધરતી પર આધ્યાત્મિક્તા અને ભારતીય સંસ્કૃતિનો અનોખો સમાગમ જોવા મળ્યો. વિન્ડસર, ઓન્ટારિયોમાં શ્રી અશોકભાઈ પટેલના નિવાસસ્થાને વિખ્યાત કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની ઉપસ્થિતિમાં ગણેશપૂજા કરવામાં આવી. આ શુભ પ્રસંગ સાથે રામકથાના વિશિષ્ટ આયોજનનો શુભારંભ પણ થયો. વિદેશી માટીમાં ભારતીય સંસ્કૃતિના વાવેતર માટે આ પ્રસંગ ખુબ જ મહત્ત્વપૂર્ણ ગણાય છે.

પ્રથમ તબક્કે વિધિવત વિધિ દ્વારા શ્રી ગણેશજીની પૂજા આરંભી, જેમાં સમૂહભક્તિ અને મંત્રોચ્ચાર સાથે ભાવિ રામકથાના યજમાન શ્રી અશોકભાઈ પટેલ અને તેમનાં કુટુંબજનો પૂજનવિધીમાં જોડાયા. પૂજા દરમિયાન કથાકાર શ્રી પ્રફુલભાઈએ કહ્યું કે, કોઈ પણ શુભ કાર્ય માટે શ્રીગણેશજીનું સ્મરણ અત્યંત આવશ્યક છે. એમની કૃપા વિના જ્ઞાન પણ અધૂરો રહે છે અને વ્યવસ્થાઓમાં વિઘ્ન આવે છે. આજે આપણે તેમનાં આશીર્વાદથી રામકથાના સત્કાર્યની શરૂઆત કરી રહ્યાં છીએ, જે સમગ્ર સમુદાય માટે ભક્તિ અને સંસ્કારનું પાવન મંચ બની રહેશે.

ગણેશ પૂજા બાદ શ્રી પ્રફુલભાઈ શુક્લે રામકથાના મહત્ત્વ પર ઉદ્બોધન આપ્યું. હતું. તેમણે જણાવ્યું હતું કે, રામકથા માત્ર ભગવાન રામના જીવન વર્ણન સુધી મર્યાદિત નથી, પણ તે જીવન જીવવાનો માર્ગ છે. તેમણે આ પ્રસંગે ઉમેર્યુ કે, ‘વિદેશમાં રહેલા આપણા સમુદાય માટે રામકથા સંસ્કારનું જળસંચય છે. આજના યુગમાં સંસ્કૃતિનો વારસો જીવંત રાખવો એ સૌથી મોટું કામ છે, અને એવા કાર્યમાં આપણે સૌ સહભાગી થવા જોઈએ.

આ ઉદ્બોધનમાં શ્રી પ્રફુલભાઈએ રામકથાના વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડ્યો હતો. જેમકે રામરાજ્યના સિદ્ધાંત, માતા-પિતાની સેવા, ધર્મપાલન, ભક્તિનો માર્ગ અને રાષ્ટ્રનિર્માણની ભાવના. તેમણે ઉલ્લેખ કર્યો કે, આ રામકથા માત્ર આરાધનાનો ઉપક્રમ નહીં, પણ વિશ્વશાંતિ માટે ભાવનાત્મક યાત્રા છે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વિન્ડસર તથા આસપાસથી આવેલા શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા. સમગ્ર વાતાવરણ ભક્તિમાં તલ્લીન બની ગયું હતું. યજમાન શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું કે,‘વિદેશમાં રહીને પણ જો આપણે આ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો દ્વારા પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહીશું તો નવિપેઢીનો પણ આ ધોરણો પર વિશ્વાસ વધશે.

આ રીતે કેનેડાની ભૂમિ પર ગણેશપૂજા અને રામકથાના આરંભ સાથે એક નવા આધ્યાત્મિક અધ્યાયની શરૂઆત થઈ છે, જે વિદેશમાં વસતા ભારતીયો માટે ગૌરવ અને શ્રદ્ધાનો વિષય બની રહ્યો છે.

# સાકાર વાંચન કુટીર સુખાલાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સુખાલા ગામે સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ નિર્મિત રેઈનબો વોરીયર્સ ધરમપુર તથા ગ્રામ પંચાયત સુખાલા સંચાલિત સાકાર વાંચન કુટીર સુખાલાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેનું ઉદઘાટન કપરાડાના લોકલાડીલા ધારાસભ્ય તથા પૂર્વ મંત્રી શ્રી જીતુભાઈ ચોધરી, સરપંચ શ્રી શંકરભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી જે.ડી.પટેલ પૂર્વ અધિક કલેકટર અને વિજ્ઞાન સ્વામી શ્રી રામ સ્વામી સંતોના હસ્તે દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું.



શ્રી જે.ડી પટેલે ઉપસ્થિત સૌ મહાનુભાવો દાતાશ્રીઓને, વાચક મિત્રોને આવકાર્યા હતાં. સૌનું પુષ્પ છોડ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામના સૌપ્રતિષ્ઠિત વ્યક્તિઓનું શાલ ઓઢાડી પુષ્પ છોડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

રેઈનબો વોરીયર્સ ધરમપુર ગ્રુપની અનોખી પરંપરા મુજબ સુખાલા ગામના અત્યાર સુધીના તમામ સરપંચશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાકાર વાંચન કુટીર શરૂ કરવા માટે આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓનો સન્માન કરવામાં આવ્યું.

સાકાર વાંચન કુટીર સુખાલામાં વાચકો માટે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી સાહિત્ય ઉપલબ્ધ કરાવવા આવ્યું છે. પ્રાથમિક માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની પરીક્ષા માટે ઉપયોગી સાહિત્ય તથા વાચકોની સુવિધા માટે વિદ્યાર્થીઓ માટે વેબસાઈટ, વાઈ ફાઈ કનેક્ટિવિટી, વાઈફાઇ પ્રિન્ટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સુખાલા ગામે સાકાર વાંચન કુટીરનું લોકાર્પણ કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે લાયબ્રેરી વિદ્યાર્થીઓ માટે જ્ઞાનના દ્વાર ખોલે છે અને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યવસ્થાઓ શિક્ષણને નવી દિશા આપે છે. શિક્ષણના વિકાસમાં ગ્રામજનોની ભૂમિકા બિરદાઈ હતી. તેમણે ખાસ કરીને બાળકોમાં વાંચન અંગે રૂચી વધે તેવા પ્રયાસોની સરાહના કરી. લાયબ્રેરી ગામના શૈક્ષણિક વિકાસનું મહત્વનું પગલું ગણાયું.

કપરાડા તાલુકાની પાંચ સ્કૂલઓમાં લાયબ્રેરી મંજૂર થઈ છે. સુખાલાની પ્રાથમિક શાળામાં રૂા.૨૦ લાખના ખર્ચે લાયબ્રેરી તૈયાર થઈ છે. આથી વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રસ ઊભો થશે અને શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી પ્રકાશભાઈ પટેલ (પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ) સાકાર વાંચન કુટીર માટે આર્થિક સહયોગ આપનાર દાતાઓનાં સહયોગને બિરદાવ્યો હતો. શ્રી રામ સ્વામીએ સૌ વાચક મિત્રોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. ડો. બિપીનભાઈ પટેલે સાકાર વાંચન કુટીરને વાચકો માટે આશીર્વાદ રૂપ ગણાવી વાચકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

કુસુમ ફાઉન્ડેશન શ્રી સ્નેહલ પટેલ દ્વારા નિરાધાર વિદ્યાર્થીઓને નોટબુક, બેગ કીટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી પી.કે પટેલ, શ્રી ચંપકભાઈ વાઢવા, ડો.ચંદ્રકાંત પટેલ, શ્રી હરીશભાઈ પટેલ હરીશ આર્ટ વાપી, શ્રી ધનસુખભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ગરાસિયા, શ્રી જયંતિભાઈ પટેલ, શ્રી નીમેશભાઈ ગાંવિત (નાયબ ઓડિટર લોકલ ફંડ નવસારી), ડો. વિરેન્દ્રભાઈ ગરાસિયા (ચિત્રકૂટ એવોર્ડ વિજેતા શિક્ષક), શ્રીમતી દર્શનાબેન પટેલ, શ્રીમતી ભાવિકાબેન પાનેરિયા, શ્રી હિનલભાઈ પટેલ, શ્રી જુગલભાઈ જાંજર, શ્રી દેવચંભાઈ ગાંવિત, શ્રી ધીરુભાઈ માહલા તથા ગામના યુવાનો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી જે.ડી.પટેલ પૂર્વ અધિક કલેકટર, શ્રી પ્રકાશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી હેમંતભાઈ પટેલ, શ્રી સતિષભાઈ પટેલ, સરપંચ શ્રી શંકરભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન શ્રી જે.ડી પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી સતિષભાઈ પટેલ, રેઈનબો વોરિયર્સના સભ્યો તથા રેઈનબો વોરિયર્સ કો.ઓ. શ્રી શંકરભાઈ પટેલે કર્યુ હતું.

### શ્રી વણકરપા કોળી સમાજ અને શ્રી વડીશેરી કોળી સમાજ વણાંકબારા દ્વારા

# ૨૫મો સમૂહલગ્ન મહોત્સવ યોજાયો: ૨૯ નવ દંપતિએ પ્રભુતામાં પગલાં પાડ્યા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૩**

સંઘપ્રદેશ દીવની વણાંકબારા ખાતે આજે શ્રી વણકરપા કોળી સમાજ અને શ્રી વડીશેરી કોળી સમાજ વણાંકબારા દ્વારા ૨૫મા સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આજે આ સમૂહ લગ્નોત્સવમાં ૨૯ નવ દંપતીએ પ્રભૂતામાં પગલાં માંડ્યા હતા. આ પ્રસંગે દીવ પ્રશાસનીય અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સમાજના પટેલો આગેવાનો ગુજરાતના મહાનુભાવો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### જામનગરના લાલપુરમાં ચાર લોકો પર વીજળી પડી

# ખેતરમાં કામ કરતા મજૂરો પર વીજળી પડતા બે લોકોના મોત, બે ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જામનગર,તા.૦૩**

જામનગરના લાલપુરના સેવકધુળીયામાં વીજળી પડવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં બે લોકોના મોત થયા છે. ખેતરમાં કામ કરતા ચાર મજૂરો પર વીજળી પડી હતી. જેમાં બે ભાઈના મોત થયા છે. જ્યારે અન્ય બે ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટનાથી ગામમાં શોકનો માહોલ છવાયો છે. તંત્ર દ્વારા ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરાઈ છે.લાલપુર તાલુકાના સેવક ધુળીયા ગામે આજે બપોરે આશરે ૨:૩૦ કલાકે ખેતરમાં કામ કરી રહેલા લોકો પર પડતા બે લોકોના ઘટના સ્થળે મોત થયા છે. જ્યારે અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મૃતક ભાઈઓ મહેતાબ દાવડ અને ગોપાલ દાવડ મૂળ મધ્યપ્રદેશના નાંગલવાડી ગામના રહેવાસી છે. એમના સાથીદારો ભુરસીંગ વાસકલે અને કરણ દાવડ ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.સેવક ધુળીયા ગામે ચાર લોકો ખેતીકામ માટે અહીં આવ્યા હતા. આ દુર્ઘટનાથી ગામમાં શોકનું માહોલ છવાયો છે. મૃતક ભાઈઓ મહેતાબ દાવડ અને ગોપાલ દાવડ મૂળ મધ્યપ્રદેશના નાંગલવાડી ગામના રહેવાસી છે. એમના સાથીદારો ભુરસીંગ વાસકલે અને કરણ દાવડ ઈજાગ્રસ્ત થયા છે, તંત્ર દ્વારા ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરાઈ છે.

# સુરતમાં રોગચાળો વકર્યો, તાવ-ઉલટીથી બે વર્ષના બાળકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૦૩**

સુરતમાં ચોમાસાના પ્રારંભે રોગચાળો વકર્યો છે. તાવ-ઉલટી જેવી બીમારીથી ૨ વર્ષીના બાળક્નું મોત થયું છે. પાંડેસરામાં ઝાલા ઉલટી બાદ ૨ વર્ષીય બાળકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. તો બીજી તરફ રોગચાળો વકરતા આરોગ્ય તંત્ર પણ દોડતું થયુંછે. શહેરમાં અગાઉ પણ તાવ-ઉલટી જેવી બીમારીથી ૩ લોકોના મોત થયા છે.

પાંડેસરામાં રહેતા પરિવારની ૨ વર્ષની દીકરીનું તાવ-ઉલ્ટીની બિમારીમાં તબિયત લથડતા સારવારમાં માટે પોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બાળકીનું મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. શહેરમાં પાણીજન્ય બિમારીએ માથું ઉચક્યું છે. અગાઉ તાવ-ઉલ્ટીની બિમારીમાં ૩ લોકોના મોત થયા છે. આ ઉપરાંત મચ્છરજન્ય બીમારી જેવી કે ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાથી બચવાના ઉપાય વિશે પણ આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

જે અંતર્ગત તળાવ, નદી નાળાં, હવાડા, કેનાલમાં પાણી ભરાયેલ હોય તો તેમાં ગપ્પી માછલી નાખવી જેથી કરીને તેનાં થકી મચ્છરના પોરાનો નાશ કરી શકાશે. અઠવાડિયામાં એક વાર ઘરની આસપાસ, ઘરની અંદર અને ધાબામાં ભરાયેલા પાણીને ખાલી કરવાનું અને ઘર વપરાશના પાણી ભરેલ પાત્રોને અઠવાડિયામાં એક વાર ખાલી કરી, સુકવી ફરી ભરવા માટે જણાવવામાં આવી રહ્યું છે.

# રાજકોટમાં ધોધમાર વરસાદ, પોપટપરામાં BRTS બસ ફસાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ,તા.૦૩**

ધોધમાર વરસાદથી રાજકોટમાં પાણી-પાણી થયું છે. જ્યારે પોપટપરામાં BRTS બસ ફસાઈ હતી. આવામાં બસમાં સવાર લોકોનું રેસ્ક્યૂ કરાયું હતું. ધસમસતા પાણીના પ્રવાહમાં સ્કૂલ બસ નાખતા બસ ફસાઈ હતી. બીજી બાજુ, ધોધમાર વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાતા વાહનચાલકો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. કેટલાક વાહનો બંધ પડી જતા ધક્કા મારવા પડ્યા હતા. માધાપર ચોકડી વિસ્તારમાં ગોઠણસમા પાણી ભરાતા વાહન ચાલકો હેરાન પરેશાન થયા હતા. કેટલાક વાહનો બંધ પડી જતા ધક્કા મારવા પડ્યા હતા. શહેરમાં ધોધમાર વરસાદને પગલે યાજ્ઞિક રોડ પાણીમાં ગરકાવ થયો છે. અનેક વાહન ચાલકો હેરાન પરેશાન થયા છે. ધોધમાર વરસાદ ખાબકતા રાજકોટના હાલ બેહાલ થયા છે. શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાતા શહેરીજનો પરેશાન થયા છે. મનપાની પ્રિ મોનસુનની કામગીરી પર સવાલ ઉઠ્યા છે. પોપટપરાનું નાળું પાણીમાં ગરકાવ થયું છે. વરસાદી પાણીમાં પોપટપરાનું નાળુ બંધ થયું છે. બંને તરફથી અવરજવર બંધ થઈ છે.

### ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય

# ફાયર બ્રિગેડ હદ બહારના વિસ્તારમાં પણ ચાર્જ નહીં વસૂલી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર,તા.૦૩**

ગાંધીનગર મહા નગરપાલિકા દ્વારા તેની હદ બહાર ફાયર બ્રિગેડની બચાવ કામગીરી માટે અઢી વર્ષ અગાઉ ચાર્જ નક્કી કરાયા હતા. ત્યારે રાયપુર નર્મદા કેનાલમાંથી મૃતદે બહાર કાઢવા માટે ફાયર ઓફિસર દ્વારા જ્યાં સુધી ચાર્જ નહીં ભરવામાં આવે ત્યાં સુધી જવાનો કેનાલમાં નહીં ઉતરે તેવો ઉદ્ધતાઈ ભર્યો જવાબ આપીને ચાર્જ વસૂલતા આવતા ભારે વિવાદ સર્જાયો હતો. આ દરમિયાન ગુજરાત સરકારે કોઈ પણ મનપાને તેની હદ બહાર પણ ફાયર બ્રિગેડ દ્વારા બચાવ કાર્યનો ચાર્જ નહીં વસૂલવાનો આદેશ આપી દીધો છે.

**ગાંધીનગર સહિત કોઈ પણ મનપા તેની હદ બહાર બચાવકાર્ય કરે તો ચાર્જ વસૂલી નહીં શકે**

ગાંધીનગર મહા નગરપાલિકા વિસ્તારમાં કોઈ આગ કે અકસ્માતની ઘટના બને તો ફાયર બ્રિગેડ સ્થળ પર પહોંચીને બચાવકાર્ય કરે છે, પરંતુ આ માટે કોઈ ચાર્જ વસૂલાતો નથી. જો કે, અઢી વર્ષ અગાઉ કોર્પોરેશન વિસ્તાર બહાર બંદોબસ્ત કે પછી કોઈપણ બચાવકાર્ય દરમિયાન ફાયર બ્રિગેડ જાય તો કલાક અને કિલોમીટર પ્રમાણે ચાર્જના દર નક્કી કરાયા હતા, જેને જેને સ્થાયી સમિતિ દ્વારા મંજૂર પણ કરી દેવાયા હતા.

આ સ્થિતિમાં થોડા દિવસ અગાઉ ગાંધીનગર તાલુકાના રાયપુર પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મૃતદેહ બહાર કાઢવા માટે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. ફાયર બ્રિગેડના આઠ જવાનો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. તેમણે બચાવ કાર્ય પહેલા જ ચાર્જ પેટે રૂ. ૮૦૦૦ માંગ્યા હતા. જો કે, પરિવારજનોએ કામગીરી બાદ રૂપિયા આપવાની વાત કરી હતી. ત્યારે ફાયર ઓફિસરે ‘રૂપિયા મળશે તો જ ફાયર જવાનો પાણીમાં ઊતરશે’ તેવો ઉદ્ધતાઈભર્યો જવાબ આપીને ચાર્જ વસૂલતા વિવાદ સર્જાયો હતો.

બીજી તરફ, ફાયર બ્રિગેડે બીજા દિવસે પાણીમાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ માટે તેમણે ચાર્જ વસૂલીને પરિવારને પહોંચ પણ આપી હતી. આ મામલે હાલ વિવાદ સર્જાતા ગાંધીનગર પાલિકાનું તંત્ર દોડતું થઈ ગયું હતું. આ મામલે હાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગર જ નહીં પરંતુ રાજ્યની તમામ મનપામાં આવા કોઈ ઠરાવ કરાયા હોય, તો તે તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

આ સમગ્ર વિવાદ સંદર્ભે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન ગૌરાંગ વ્યાસે જણાવ્યું હતું કે, કોર્પોરેશન વિસ્તાર બહાર કોઈપણ કામગીરીમાં ચાર્જ વસૂલવા અગાઉની બોડી દ્વારા નિર્ણય લેવાયો હતો. સ્થાયી સમિતિમાં તેની મંજૂરી પણ અપાઈ હતી. ત્યારે ઈન્ચાર્જ ફાયર ઓફિસર દ્વારા રૂપિયા મળશે તો જ જવાનો નીચે ઉતરશે તેઓ જવાબ આપવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. જો આવું વર્તન કરાયું હશે તો ઈન્ચાર્જ ઓફિસર સામે પગલાં ભરાશે અને તે માટે કમિશનરને તપાસની સૂચના અપાઈ છે.

હવે ગાંધીનગર સહિત કોઈ પણ મનપા તેની હદ બહાર બચાવકાર્ય કરે તો ચાર્જ વસૂલી નહીં શકે. ઉપરોક્ત વિવાદને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા કોઈપણ ઠરાવ રદ કરવાની સૂચના આપી છે.

**CHANGE OF NAME**

**OLD NAME**
SANJAY RAMA BORSA
**NEW NAME**
**BORSA SANJAYBHAI RAMABHAI**
**ADDRESS:**
GALONDA, RAUT PADA, DNH - SILVASSA

**CHANGE OF NAME**

**OLD NAME:** SUMESHSHVARA JAGJIVANBHAI ISHVARBHAI SOMESHWARA JAGJIVAN ISHVARBHAI
**NEW NAME: JAGJIVAN ISHVARBHAI SOMESHWARA**
**ADDRESS:** A/1/5, Police Quarter Near Govt. Hospital, Diu, Dadra & Nagar Haveli and Daman & Diu - 362520.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME PATEL PRINCE NAVINCHANDRA TO **NEW NAME PRINCE PATEL** AS PER DOCUMENTS

સંસ્કૃતિ મંત્રાલય
ભારત સરકાર

**ટેન્ડર સૂચના**

જ્ઞાન ભારતમ મિશન માટે હસ્તપ્રતોના ડિજિટાઈઝેશન માટેની દરખાસ્ત માટે વિનંતી **૩૦ જૂન ૨૦૨૫** ના રોજ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવી હતી. રસ ધરાવતા બોલી લગાવનારાઓ **eprocure.gov.in** પર વિગતો જોઈ શકે છે. બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ **૨૧ જુલાઈ ૨૦૨૫** છે.

CBC 09101/11/0008/2526

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Land Section, Collectorate, Diu**

Draft Rehabilitation and Resettlement Scheme as per Section 16 of the RFCTLARR Act, 2013

**Purpose:** land acquisition from Ghoghla Check Post to Diu Circle Strengthening and Widening of NH 251 from Km 11.000 to Km 22.770 at District Diu

**Draft Rehabilitation and Resettlement Scheme. No.** 65-04-LAQ-2022-23/793 dated 01.07.2025

Note: Details can be downloaded from https://tinyurl.com/yc6anjpv or **by scanning the QR code.**

**Office of the Collector, Diu**

No. IP/DMN/2/5/2025-26/592, Dated: 03/07/2025

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**
**યુવા બાબતો અને રમતગમત વિભાગ, ડીએનએચ અને ડીડી**

**સૂચના**

જિમ/સ્ટ્રેન્થ ટ્રેનર (લેડીઝ)ની શિસ્તમાં કોચ/પ્રોફેશનલ ટ્રેનરની ભરતી.

નોટિસ નં.: DMN/SPORT/RC/2025-26/228
તારીખ: 03/07/2025
અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ: 14/07/2025, 06:00 PM સુધી

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
http://ddd.gov.in

**નિયામક-કમ-સંયુક્ત સચિવ (વાયએ અને એસ), ડીએનએચ અને ડીડી**

No. IP/DMN/2/5/2025-26/594, Dated: 03/07/2025

**UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu**

**Govt. Hospital, Diu**

**Tender for Supply of Allopathy Medicines (Injection, Syrup, Drops & Ointments) for Govt. Hospital, Diu**

For details please scan
diu.gov.in
02875-252480

| | |
|---|---|
| Notice No. | GHD/ACCTS/FIN(4)/1-21/2025-26/248 |
| Notice Date | 30/06/2025 |
| Tender Opening Date | 21/07/2025 (4.00 PM) |
| Venue | Govt Hospital-Diu |

Head of Office, Govt. Hospital, Diu

No. IP/DMN/2/5/2025-26/596, Dated: 03/07/2025

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપી હાઈવે ચાર રસ્તા નજીક સાંઈ કોમ્પ્લેક્ષમાં અધધ... સાગમટે ૧૯ દુકાનોના તાળા તૂટ્યા : તસ્કરો ચોરી કરી ફરાર



## એક સાથે સામુહિક તાળા તૂટવાની પ્રથમ ઘટના, પોલીસે સીસીટીવી ફૂટેજ રિકવર કરી તપાસ શરૂ કરી : લાખોમાં ચોરી થયાની આશંકા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વાપી હાઈવે ચાર રસ્તા નજીક આવેલ સાંઈ કોમ્પલેક્ષ નામની વાણિજ્ય ઈમારતમાં વિતેલી રાત્રિમાં તસ્કરોએ જબરજસ્થ હાથફેરો કર્યો હતો. બે, ત્રણ પાંચ નહિ પણ ૧૯ જેટલી દુકાનોના એક સાથે સાગમટે તાળા તોડીને લાખોની મત્તા-રોકડ ચોરીને તસ્કરો ફરાર થઈ જવાની ઘટનાએ વાપી ટાઉન પોલીસ માટે પડકારરૂપ ઘટના ઘટતા ચાર રસ્તા સ્થિત વેપારી આલમમાં ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

સામાન્ય રીતે ચોરીના બનાવો શિયાળામાં વધુ બનતા હોય છે પરંતુ આ વખતે વરસતા વરસાદમાં તસ્કરોએ હાથફેરાનો ગજબ કસબ અજમાવ્યો છે. લોકોની અવરજવર બિલકુલ બંધ હોય તેવા સમયે વાપી હાઈવે ચાર રસ્તા પાસે કાર્યરત ૫૦ ઉપરાંત દુકાન, ઓફિસ ધરાવતી વાણિજ્ય ઈમારત સાંઈ કોમ્પલેક્ષમાં વિતેલી રાત્રે થોકબંધ દુકાનોના તસ્કરોએ તાળા તોડ્યા હતા. ૧૯ જેટલી દુકાનોના તાળા તૂટ્યાની ઘટેલી ઘટનાએ જબરજસ્થ ચકચાર મચાવી દીધી હતી. સવારે એક પછી એક વેપારી આવતા ગયા ત્યારે ઘટના પ્રકાશમાં આવી ચૂકી હતી. ઘટનાની જાણ વાપી ટાઉન પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે ધસી આવ્યો હતો. સીસીટીવી ફૂટેજ રિકવર કરવાની તજવીજ હાથ ધરી તપાસનો દોર આરંભી દીધો હતો. ૧૯ જેટલી દુકાનોના તાળા તૂટ્યા હોવાથી લાખોમાં ચોરી થઈ હોવાનો અંદાજ છે. ઉલ્લેખનીય છે કે, વાપીમાં એક સાથે ૧૯ જેટલી દુકાનોના સામુહિક તાળા તૂટ્યાની પ્રથમ ઘટના ઘટી છે.

# વાપીના રોડ ઉપર પડેલાં ખાડા પૂરવામાં આવશે નહીં! કેમ કે છત્રપતિ શિવાજી અને મુગલ અકબરે જમીનમાં કિંમતી હિરાનો ખજાનો દાટ્યો છે

## મનપા દ્વારા રસ્તાના ખોદકામ કરી ખાડાઓ ઠેર ઠેર કર્યા છે, કારણ કે જ્યાં સુધી ખજાનો નહીં મળે ત્યાં સુધી ખાડા નહીં પૂરાશે :સોશિયલ મીડિયાના કટાક્ષ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**



વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરના મોટાભાગના રોડ ઉપર ઠેર ઠેરે ખાડાઓનું સામ્રાજ્ય સર્જી દિધેલું છે. જેનાથી કંટાળી હેરાન થયેલા શહેરના નાગરિકો સોશિયલ મીડિયામાં ગજબના કટાક્ષ, વ્યંગ કરી રહ્યા છે. તેવા કટાક્ષોની ઝલક જોવા મળી છે.

વાપી જનતાને ખાસ સૂચના, છત્રપતિ શિવાજી મહારાજ અને મુઘલ અકબર, જહાંગીરે આપણી વાપીની ભૂમિ ઉપર અતિ કિંમતી અને અઢળક હીરાનો ખજાનો ક્યાંક છુપાવેલો છે. તેનો નક્શો પ્રાપ્ત થયેલ નથી, માટે જ્યાં સુધી નહીં મળે ત્યાં સુધી વાપી મહાનગરપાલિકા દ્વારા દરેક રસ્તાનું ખોદકામ બારેમાસ ચાલુ રહેશે. માટે રસ્તા ઉપર ખાડા કે ભૂવા બાબતે કોઈએ ફરિયાદ કરવી નહીં, મનપાની કામગીરીમાં સાથ સહકાર આપવા જાહેર જનતાને અપીલ છે, લોકો આટલાથી અટકતા નથી. સોશીયલ મીડિયાનો એક વધુ વ્યંગ માણો.. સોસાયટી કે જાહેર રસ્તાઓ ઉપર કોર્પોરેટર્સ પોતાના નામ સાથેના બાંકડા મુકાવે છે એ તમામ કોર્પોરેટરોએ રોડ ઉપર પડેલા જીવલેણ ખાડાઓનું પણ નામકરણ કરે આ ખાડો મારો છે. આ સોશીયલ મીડિયાના કટાક્ષો કે વ્યંગ નથી. વાપીની જનતાની પીડા ઉજાગર થઈ રહી છે.

# વલસાડ હાઈવે ગુંદલાવ બ્રિજ પાસે ત્રણ વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત: ૨ મહિલાના મોત સાથે પાંચ વ્યક્તિ ઘાયલ



## છોટા હાથી ટેમ્પો, આઈશર ટ્રક અને અર્ટિગા કાર એકબીજા સાથે ધડાકાભેર અથડાયા: કલાકો સુધી હાઈવેનો બન્ને લાઈન પર ટ્રાફિકજામ રહ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વલસાડ નેશનલ હાઈવે ઉપર વણથંભ્યો અકસ્માતનો સિલસીલો યથાવત રહ્યો છે તેવો વધુ એક ગમખ્વાર અખસ્માત બુધવારે સાંજના સમયે બન્યો હતો. વલસાડ હાઈવે ગુંદલાવ બ્રિજ પાસે ત્રણ વાહનો એકબીજા સાથે ધડાકા સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાર સવાર પાંચ સવાર પૈકી બે મહિલાઓનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે કાર અને વાહનોના પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા હતા.

વલસાડ ગુંદલાવ હાઈવે ઉપર છોટા હાથી ટેમ્પો નં.જીજે ૦૫ સીયુ ૩૧૦૩ ના ચાલકે કાબુ ગુમાવતા આગળ જતી આઈશર ટ્રક નં.જીજે ૧૬ ડબલ્યુ ૭૯૬૬ સુરત તરફથી આવતી હતી તેની સાથે છોટા હાથી ટેમ્પો ભટકાયો હતો તે દરમિયાન બે અકસ્માત ગ્રસ્ત વાહનો વચ્ચે આવી જતા સુરત તરફ જઈ રહેલી અર્ટિગા કાર નં.જીજે ૦૫ આરએસ ૮૦૭૩ ધડાકાભેર અથડાતા કારનો ખુરદો બોલી ગયો હતો. કાર સવાર બે મહિલાના ઘટના સ્થળે મોત થયું હતું જ્યારે આઈસર ટેમ્પો ચાલક મળી અન્ય પાંચ ઘાયલોને સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માતને લઈ હાઈવે કલાકો સુધી જાણ થયો હતો.

# વલસાડ જિલ્લાની સરકારી ઉચ્ચત્તર મધ્યમિક શાળાઓમાં ૪૦ શિક્ષણ સહાયકને નિમણૂક પત્ર એનાયત કરાયા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૩**

૩ જુલાઈ ગુરુવારના રોજ વલસાડની બી.એ.પી.એસ. હાઈસ્કૂલ અબ્રામા ખાતે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિ-૨૦૨૪ દ્વારા જિલ્લા ફાળવણી થતાં વલસાડ જિલ્લાની સરકારી ઉચ્ચત્તર મધ્યમિક શાળાઓમાં ૪૦ શિક્ષણ સહાયકને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા. સદર કાર્યક્રમમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી એલ. ટંડેલ હસ્તે શિક્ષકોને ભલામણ પત્ર આપવામાં આવ્યા. ધારાસભ્ય ભરતભાઈ પટેલ છેવાડા ગામ સુધી ઉચ્ચ શિક્ષણ માટે રાજ્ય સરકારની યોજના અને શિક્ષણનું વિદ્યાર્થી જીવનમાં મહત્વ વિશે વાત કરી આ સાથે જિલ્લા શિક્ષણાધિકારી વલસાડ ડો.રાજેશ્રી એલ ટંડેલે નવ નિયુક્ત શિક્ષણ સહાયક શિક્ષકોને શિક્ષકની ફરજોથી વાકેફ કરી પ્રોત્સાહિત કર્યા. આ પ્રસંગે શિક્ષણ નિરિક્ષક ડો.બિપિનભાઈ પટેલ, ગુલાબભાઈ લુહાર, જિલ્લાની સરકારી શાળાના વર્ગ-૨ ના આચાર્ય અને બી.એ.પી.એસ.ના ડાયરેક્ટર માનસિંહભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતાં.

# વાપી કબ્રસ્તાન રોડ ચાલીમાં રહેતી ૧૨ વર્ષીય કિશોરી ઘરેથી ભેદી રીતે ગુમ થતાં ફરીયાદ નોંધાઈ



## નિયતી સીંગ તા.૨૬ જૂન બપોરે ઘરેથી ગુમ થઈ હતી, શોધખોળ બાદ નહીં મળતા પિતાએ ફરિયાદ નોંધાવી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી,તા.૦૩**

વાપી કબ્રસ્તાન રોડ આઝાદ શટરની ગલીમાં રહેતી ૧૨ વર્ષ ૬ મહિનાની ઊંમર ધરાવતી નિયતી સીંગ નામની કિશોરી ગત તા.૨૬ જૂનના રોજ બપોરે ઘરેથી નીચે ઉતર્યા બાદ સાંજ સુધી પરત નહીં આવતા પરિવારે ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

વાપી કબ્રસ્તાન રોડ ઉપર આઝાદ શટરની ગલીમાં રૂમ. નં.૧૦માં રહેતા અમીત સીંગ પન્ના સીંગ મૂળ રહે. યુપી, પત્ની મમતાબેન અને નૈતિક તથા નિયતી નામની બે પૂત્રીનો પરિવાર સાથે રહે છે. ગત તા.૨૬ જૂનના રોજ અમીત સીંગ કે તેઓ મોરાઈ વેલ્સપન કંપનીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હોવાથી નોકરી ઉપર ગયા હતા.

ઘરે નાની પૂત્રી નિયતી અને પત્ની મમતા હતા, મોટી પૂત્રી વતન ગઈ હતી. તે દરમિયાન બપોરે નિયતી ઘરેથી બહાર નિકળી હતી. સાંજ સુધી ઘરે પરત નહી ફરતા પિતા અમીત સીંગે ચારે તરફ સગા સંબંધીઓના ત્યાં તપાસ કરી હતી. પરંતુ પૂત્રી નિયતી ઘરે નહીં મળતા ટાઉન પોલીસ સ્ટેશનમાં પૂત્રી ગૂમ થવા જોગ ફરિયાદ નોંધાવી હતી. નિયતીની ઊંચાઈ ૫ ફૂટ ૨-ઈંચ છે. હિન્દી ભાષા જાણે છે. કોઈ માહિતી મળે તો ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જણાવાયું છે.

# મૃતકના વાલી વારસોએ પારડી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૩**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખડકી ગામ ખાતે રેજેન્ટા હોટેલની સામે સર્વિસ રોડ ઉપર સુરતથી મુંબઈ તરફ જતા રોડ ઉપર તા.૨૦-૦૬-૨૫ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે આશરે ૪૦ વર્ષીય અજાણ્યો પુરૂષ બેહોશ હાલતમાં મળી આવ્યો હતો. તેમને સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તા.૨૦-૦૬-૨૫ના રોજ સવારે ૧૧-૪૦ વાગ્યે તેમનું મૃત્યુ થયું હતું.

મૃતકે મરૂન કલરની ચડ્ડી પહેરેલી હતી. કમરના ભાગે કાળો, ડાબા હાથના કાંડા પર અને ગળામાં લાલ કલરનો દોરો બાંધેલો હતો. મૃતકનું સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. તેમના વાલી વરસો મળી આવ્યા નથી. આ મૃતકના વાલી વારસોની કોઈ ભાળ મળે પારડી પોલીસ સ્ટેશનનો ૬૩૫૫ ૨૬૭૬૫૩ દ્વારા સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાપીની સવા વર્ષની ઢીંગલી જિશાએ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું

## જિશાએ એ ટુ ઝેડ ફોનેટીક શબ્દો માત્ર ૩૯ સેકન્ડમાં બોલી વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકડર્સમાં નામ નોધાવ્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

કુદરતની કરામત કે કરિશ્માની કોઈ વ્યાખ્યા નથી. ક્યારેક જગતને અચરજ પમાડે તેવી હકિકારો અવારનવાર સર્જાતી રહે છે કંઈક તેવી અલૌકિક અચરજ પમાડે તેવી વાસ્તવિક ઘટના વાપીમાં ઉજાગર થઈ છે. માત્ર સવા વર્ષની ઢીંગલી જિશાએ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું છે.

વિશ્વમાં કેટલાક જિનીયસ બાળકોની શ્રેણીમાં વાપી જિશા નામની બાળકી પણ જોડાઈ ગઈ છે. વાપીની જિશાની ઉંમર ૧ વર્ષ ૪ મહિનાની છે. પરંતુ આ ઢીંગલી માત્ર ૩૯ સેકન્ડમાં એ ટુ ઝેડ ફોનોટિક શબ્દો બોલી શકે છે. તેની લાક્ષણિક્તા એ વર્લ્ડ રેકર્ડ સુધી પહોંચી છે.

જિશાનું નામ વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકર્ડસમાં નોંધાયું છે. પરિવારમાં ખાસ કરીને માતા સમક્ષ તે કડકડાટ એ-ટુ-ઝેડના ફોનેટીક શબ્દો બોલી બતાવે છે. તે પણ માત્ર ૩૯ સેકન્ડમાં.

# કપરાડાના પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરને એક વર્ષ પૂર્ણ: કુલ ૧૭૫ કેસ આવ્યા

## પરિવારનો માળો ન વિખેરાય તે માટે ૯૬ કેસમાં સુખદ સમાધાન કરાવી સંસાર થાળે પાડ્યો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૦૩**

ગુજરાત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩થી હિંસાથી પીડીત મહિલાને સહાય, માર્ગદર્શન તેમજ કાઉન્સિલીંગ માટે નિયત કરેલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરની યોજના શરૂ કરવામાં આવી છે. દરેક જિલ્લાની જરૂરીયાતના આધારે આ સેન્ટરની સંખ્યા નિયત કરવામાં આવે છે. વલસાડ જિલ્લા ખાતે કુલ ૩ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર કાર્યરત છે.

વલસાડ જિલ્લા મહિલા અને બાળ આધિકારીશ્રીની કચેરી અંતગર્ત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર કપરાડા તા.૧ જુલાઈ ૨૦૨૪ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. જેને તા.૧ જુલાઈ ૨૦૨૫ના રોજ એક વર્ષ પૂર્ણ થયું છે. આ ૧ વર્ષ દરમિયાન કપરાડાના પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર ખાતે મહિલાઓને લગતા ૧૭૦ અને પુરૂષને લગતા ૫ કેસ મળી કુલ ૧૭૫ કેસ આવ્યા હતા. જેમાંથી ૯૬ કેસમાં પરિવારનો માળો ન વિખેરાય તે માટે કાયદાનું જ્ઞાન આપી સુખદ સમાધાન કરાવી સંસાર પુનઃ શરૂ કરાવવામાં સફળતા મેળવી હતી. જ્યારે ૪૫ કેસ અન્ય માળખાને રિફર કરવામાં આવ્યા હતા. ૩૪ કેસમાં કાઉન્સિલીંગ હેઠળ પ્રગતિમાં છે.